પ્રકાશિત દર માસની ૧૦ તારીખે
વાર્ષિક લવાજમ રૂ. ૫૦/-

# હરિઃ ૐ હરિભાવ

વર્ષ : ૧૮ - અંક : ૯

જૂન, ૨૦૧૪



તમે બધાં ઊઠતાંબેસતાં, હરતાંફરતાં સર્વ કંઈ કરતાં કરતાં
પ્રેમજ્ઞાનભક્તિપૂર્વક નામસ્મરણ કર્યા કરશો તો ખપનાં છો.
બાકી તો
ઉકરડે નાખવા જેવાં.....

- શ્રીમોટા

'જીવન મંથન', ચોથી આ., પૃ. ૩૨૪



લોકો ત્રિવિધ તાપથી આકુળવ્યાકુળ છે. ઝાંઝવાનાં પાણી લેવા દોડા દોડી કરી તૃષા છિપાવવા ઇચ્છે છે. અજ્ઞાનને લીધે સ્વરૂપનું વિસ્મરણ થવાથી પરિભ્રમણ પ્રાપ્ત થયું છે.

આવા અશરણતાવાળા આ જગતને એક સત્પુરુષ જ શરણ છે. સત્પુરુષની વાણી વિના એ તાપ કે તૃષા છેદાય તેમ નથી.

શ્રીમદ્ રાજચંદ્ર

'શ્રીમદ્ રાજચંદ્ર-૧', ૮મી આ., પૃ.૨૯૯

રજિ. ઑફિસ :
બી/૫, સ્વસ્તિક એપાર્ટમેન્ટ, નારાયણનગર,
પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭
ફોન : (૦૭૯) ૨૬૬૨૦૭૫૪

'હરિવાણી ટ્રસ્ટ' દ્વારા પ્રકાશિત જીવનવિકાસની ભાવના પ્રસારતું માસિકપત્ર

# હરિભાવ

સંપાદક : પ્રભુદાસ જાની
સહાયક : વિવેક દેસાઈ

ટ્રસ્ટીમંડળ
શ્રી ગિરીશ પંડ્યા (મૅનેજિંગ ટ્રસ્ટી)
શ્રી પ્રભુદાસ જાની
શ્રી વિવેક દેસાઈ
શ્રી બીરેન પટેલ
શ્રીમતી દર્શિની સુનીલ ઉપાધ્યાય
શ્રીમતી નીમા મીનેષ અમીન

**પૂછપરછ : સંપર્ક : ૧૧-૦૦ થી ૬-૦૦ સુધી**
**શ્રી સુરેશ વૉરા (મો.) ૯૪૨૭૫૫૪૩૯૧**

**લવાજમ**

| | ભારત | પરદેશ (ઍરમેઇલથી) |
|---|---|---|
| વાર્ષિક : | રૂ. ૫૦/- | રૂ. ૬૦૦/- |
| આજીવન : | રૂ. ૫૦૦/- | રૂ. ૬૦૦૦/- |

**પત્રવ્યવહાર/લવાજમ/ભેટ/મોકલવા માટે**
'હરિવાણી ટ્રસ્ટ'
૧૧, દાદા રોકડનાથ સોસાયટી,
નારાયણનગર, છેલ્લા બસ સ્ટૅન્ડ પાસે,
પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭
ફોન : (૦૭૯)૨૬૬૩૫૮૭૩
ભેટની રકમ ઈન્કમટૅક્સ ઍક્ટની
કલમ ૮૦(જી) (૫) નીચે કરરાહતને પાત્ર છે.
ચેક/ડીડી 'હરિવાણી ટ્રસ્ટ' ના નામે લખવો

**ઈ-બૅંકિંગ : હરિવાણી ટ્રસ્ટ**
બચત ખાતા નં.: **૧૬૮૭૦૧૦૦૦૦૩૦૮૮**
યૂકો બૅંક, નારાયણનગર બ્રાંચ, અમદાવાદ.
IFS Code : UCBA0001687
બૅંક દ્વારા રકમ મોકલતાં તેની સ્લીપ, નામ, સરનામું અને ફોન નંબર સાથે વિગત અમોને મોકલશોજી

હરિ:ૐ આશ્રમ, સુરત ફોન : (૦૨૬૧) ૨૭૬૫૫૬૪

ટાઈપ સેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર, (૦૭૯)૨૭૫૪૩૬૯૯**
* Subject to Ahmedabad Jurisdiction

**વર્ષ : ૧૮ અંક : ૯ જૂન, ૨૦૧૪**

## અનુક્રમ

૧. ગરીબ-ગરીબી ................................ શ્રીમોટા ૪
૨. લેખકના બે બોલ : મોહ....................... શ્રીમોટા ૫
૩. ફટકો : સ્ત્રીઓને ઉપદેશ.................. શ્રીરંગઅવધૂત ૮
૪. પ્રેરક વિભૂતિ મહાત્મા ગાંધી (૯) ............. શ્રીમોટા ૯
૫. અખાનું જીવન અને કવન ................ ડૉ. શિવલાલ ૧૧
૬. દૃષ્ટાંત કથા : સ્વામી પ્રકાશાનંદજી .... માવજી કે. સાવલા ૧૪
૭. કલ્પનાતીત અનુભવ .................... નાનુભાઈ ભટ્ટ ૧૬
૮. મનના ચોકીદાર બનવું જરૂરી છે .............. શ્રીમોટા ૧૭
૯. અંતર્મુખતા બુદ્ધિમાં સમતા પ્રગટાવે છે ........... શ્રીમોટા ૧૮
૧૦.સર્વપ્રિય શ્રીમોટા ............................... અજ્ઞાત ૧૯
૧૧. 'હરિવાણી ટ્રસ્ટ'ને મળેલ દાન-ભેટ ............... સંપાદક ૨૧
૧૨.ગુણપૂજાનો મહોત્સવ .................... નટુભાઈ ઠાકર ૨૨
૧૩.વિચારોનાં આંદોલનોનું સામર્થ્ય ........ શ્રીમાન વિશ્વવંદ્ય ૨૫

## જ્ઞાનદાન

સદ્‌ગત પિતાશ્રી **કીકાભાઈ બી. પટેલ**ની પુણ્યતિથિ (૧૦-૫) નિમિત્તે અમેરિકા નિવાસી **શ્રી સમીરભાઈ કે. પટેલ** પરિવાર તરફથી 'હરિભાવ'ના આ અંક માટે જ્ઞાનદાન અપાતાં અમો એ પરિવારના ખૂબ ખૂબ આભારી છીએ.

**-સંપાદક**

## (૧) ગરીબ-ગરીબી

**શ્રીમોટા**

(ગઝલ)

(૧)

ગરીબ જીવન વિશે જે કૈં ગરીબથી તો લખાયું છે,
ન તુક્કાથી, શું બુદ્ધિના ન કૌશલ્યે લખાયું તે.

અનુભવ મેં જીવનમાં તો ગરીબાઈતણો કેવો
-બધાં પાસાંતણો પૂરો જીવન વિશે કરેલો છે !

બધું જે મેળવાયે છે, ખરેખર તે વિશે શો તે
-જીવન ભજવાયેલો ભાગ ચરણકરનો મહત્ત્વે છે !

ચરણ, કર, બુદ્ધિ ને મૂડી બધાંથી મેળવાયે જે,
પૂરો તેમાં બધાંનોયે ખરેખર ભાગ પૂરતો છે.

પરંતુ કોઈ ના ભાગ બધાંને યોગ્ય વહેંચે છે,
બધું નિજનું કરી લેવા બધાંની ગડમથલ શી છે !

(૨)

જગતમાં ગણતરી કાંઈ ન કોઈએ ધરેલી છે,
શું ધક્કેલે બધાંએ શો ગરીબને તો ચઢાવ્યો છે !

પરંતુ કાળ પ્રગટ્યો છે ગરીબની વહાર કરવાને,
ન કોઈને છતાં ખ્યાલ જરીક સરખોય જાગ્યો છે.

ગરીબ હાવાં ઉવેખાતાં સમય ભરખી જવાનો છે,
ઊથલપાથલ કરી નાખી સફાચટ તે કરી દેશે.

જગતમાં શા બન્યા કરતા પ્રસંગો આ પ્રકારે જે !
નજર તે તે પડે તોયે ન કોની આંખ ઊઘડે છે.

મળેલાંને જ ચેતવવા મળેલાંને સમજવાને,
ગરીબ વિશે હૃદયથી તે ખરેખર મેં લખેલું છે.

(૩)

ગરીબ હાવાં ઉપર પોતે જરૂર તે આવવાનો છે,
હૃદય સહકાર જે દેશે સમયને, તે બચી જાશે.

ઊથલપાથલ થવાને શો વખત આજે પ્રવર્ત્યો છે !
થશે અવરોધકર્તા જે બધાં હેઠે જ પડશે તે.

અપવવા ન્યાય દુનિયામાં ગરીબને, કાળ પાક્યો છે,
ન જે કોઈ સમજશે તે બધાં ઊડી જવાના છે.

દબાઈ દિલ ચંપાઈ જીવન ગરીબે વિતાવ્યું છે,
હવે તે સાંખી લેવાની ધીરજ એની ખૂટી ગઈ છે.

હવે શો કાળ પોકારી બધાંને ચેતવે છે તે,
શું જોડાજોડ કરવાને ગરીબને નોતરે છે તે !

(૪)

દયા માગે ન કોઈની ગરીબ પોતે ગરીબ થઈને,
ગરીબ તો ન્યાય માગે છે પૂરેપૂરો જીવનમાં તે.

હવે ઓછું ન ચાલે છે ગરીબને કોઈ રીતિએ,
ગરીબનાં બાવડાં સાબૂતતણા જોરે જ બોલે તે.

ગરીબ પોતે જ પોતાને પૂરી તાકાતથી જીવને
-'ચઢવવાનો જ છે નિશ્ચે' સમય પોકારી બોલે છે.

સમયને પારખી લઈને જગત ચેતી જશે જો તે,
ઊગરવાનો કંઈક આરો જરૂર તો આવવાનો તે.

પરંતુ લોકને હૃદયે હજીયે સાન એવી તે
-પૂરી પ્રગટેલ છે ના, શો બગડવા કાળ રૂઠ્યો છે !

'જીવન સ્પંદન', પ્ર. આ., પૃ.૩, ૭, ૯, ૧૧ ❑

# (૨) લેખકના બે બોલ : મોહ

**શ્રીમોટા**

સુરત આશ્રમમાં એક બહેન ૪૯ દિવસના મૌનમાં બેસીને બહાર નીકળ્યાં હતાં. તે બહેને મને કહ્યું, 'મોટા, તમે જિજ્ઞાસા, શ્રદ્ધા, ભાવ, નિમિત્ત વગેરે વગેરે પર બધું લખ્યું, તો હવે તમે **'મોહ'** પર લખો તો સારું.' મેં તે બહેનને કહ્યું, 'બહેન, લખતાં તો વાર નહિ થાય, પરંતુ તે છપાવવા કાજે જે રકમ જોઈએ તે આપવાની ઉમકળાભેર તમારી તૈયારી હોય તો કહેજો. કલમ તૈયાર છે.' તે બહેને તે બાબતમાં સંમતિ દર્શાવી ને છપાવવાને માટે જે ખર્ચ થાય, તે બધો જ ખર્ચ પોતે આપવાની પ્રેમથી તત્પરતા દર્શાવી. આ હકીકત બની તા. ૧૩-૮-૧૯૭૩ની સાંજે.

તા. ૧૫-૮-૧૯૭૩ના રોજ અમે વડોદરા હતા, ત્યાં બપોરના આરામ કરતી વેળા **'મોહ'** ઉપર દસેક કડીથી શુભ શરૂઆત થઈ. તે પછીથી ધીમે ધીમે **'મોહ'** પર લખાતું ગયું. તેમાં કેટલાક દિવસ તો મુદ્દલે લખી શકાતું ન હતું. દસબાર માસ પહેલાંનો લખવાની બાબતનો જુસ્સો આ **'મોહ'**નાં લખાણમાં પ્રગટી જ શકતો ન હતો. એટલે શ્રીહરિકૃપાથી એમ નક્કી થયું કે જ્યારે તે લખવાની બાબતનો ભાવ જાગે ત્યારે જ **'મોહ'** ઉપર લખવું. આમ, કટકે કટકે થઈને **'મોહ'** ઉપર તા. ૪-૯-૧૯૭૩ સુધીમાં બધું લખાયું.

મોહનાં કેટકેટલાં પાસાં ! તે વિશે ઝાઝું વિચારવાનું બન્યું નથી. તે બધું આપમેળે લખાયા ગયું છે.

મોહનાં પ્રત્યક્ષ લક્ષણો, મોહ કઈ રીતે ઘટે કે મોળો પડે, ક્યારે ન હોય તે, મોહ મોળો પડે ત્યારનાં લક્ષણો, અને કઈ સ્થિતિમાં મોળો પડે, આ બધું શ્રીહરિકૃપાથી તેની તેની યોગ્યતા સાથે અને તેનાં તેનાં તે પરત્વેનાં લક્ષણો સાથે, ને તે તે બધું તેની યથાયોગ્યતામાં સમજી શકાય ને બુદ્ધિથી સ્વીકારી શકાય તેવી રીતે શ્રીહરિકૃપાથી લખાયું છે. મોહના પ્રારંભમાં જે રીતની શરૂઆત છે અને અંતમાં જે રીતે તેનું સમાવર્તન થયું છે, તે વાચકે જરા ગંભીરતાથી ને લક્ષ દઈને વાંચવાની જરૂર છે.

આમાં કેટલાક તદ્દન ઘરગથ્થુ શબ્દોનો પણ ઉપયોગ થયેલો છે. તદ્દન ગામડામાં બોલાતી ભાષાના શબ્દનો પણ ઉપયોગ આ જોડકણાંમાં થયેલો છે. વસ્તુને તદ્દન સરળ બનાવવાને કાજે, આવા હેતુના જ્ઞાનભાન સાથે તેમ થયેલું છે. એમ કરવા જતાં કદીક કાવ્યનો ગુણ ઊડી જતો હોય એવું પણ બને. જોકે આ 'મોહ'નું સર્જન જે થયેલું છે, તે તો છે માત્ર જોડકણાં. એટલે એમાં કાવ્યના ગુણદોષનો સવાલ રહેતો જ નથી.

**શ્રીહરિકૃપાથી મારે શબ્દના સોદાગર થવું નથી.** તેમ પંકાતી જતી હોય તેવી હરોળમાં બેસવાની દિલની ખેવના પણ નથી. શ્રીહરિની કૃપાથી લખતાં લખતાં જેમ જે આવ્યું છે તે તેમ ને તેમ રખાયું છે, ક્યાંય પણ કશું મઠારવાનું કરેલ નથી. વિદ્વત્તાભર્યા લખાણમાં કદીક કદીક બાહ્યાચારની બોલબાલા ને વાતોની વણઝાર હોય છે. આ હકીકત કોઈને અન્યાય કરવા કે થવા નથી લખી, પરંતુ કંઈ પણ કશા પરત્વે અતિશયોક્તિભર્યો ઝોક ન અપાય, તે જ યોગ્ય છે ને તે જ દૃષ્ટિબિંદુ સાચવવાનો આ જોડકણાંમાં મારો નમ્ર પ્રયાસ છે.

વળી, આ 'મોહ' પરનું લખાણ શ્રેયાર્થીને ઉદ્દેશીને પણ છે. જરાતરા, થોડીઘણી મોહની વૃત્તિથી છુટકારો થાય તેવું જેને યત્કિંચિત્ સળવળેલું છે, તેવાઓને ઉદ્દેશીને પણ આ લખાયેલું છે.

શ્રેયાર્થીનો માર્ગ પણ વળી સર્વથી નોખો હોય છે.

જેમાં ને તેમાં હરેકમાં તે તે પ્રત્યેક ક્ષેત્રની સાંપ્રદાયિકતા હોય છે. એટલું જ નહિ પરંતુ તે ઘૂંઘટથી વીંટળાયેલી પણ હોય છે. એટલે શ્રેયાર્થીમાં જો સાચે જ મર્યાદાતીત એવું જ ચેતન બ્રહ્મ છે, તેને જ જો અનુભવવાની જ્વાળામુખી જેવી ભડભડતી અને ધગધગતી જિજ્ઞાસા પ્રગટેલી હશે, તો તેવા શ્રેયાર્થીએ અનેક પ્રકારની સમજણો, ટેવો, આગ્રહો ને પ્રત્યેક ક્ષેત્રની સાંપ્રદાયિકતાને પણ પ્રેમથી તેના હેતુના જ્ઞાનભાન સાથે છોડવાની તો રહેશે જ, ને આમ, શ્રેયાર્થીનો તો ચીલો જ હોતો નથી. તેણે પોતે કરીને પોતાનો આગવો ચીલો પાડવાનો રહે છે. તો આવી જ કોઈ સમજણથી જે કોઈ શ્રેયાર્થી હોય, તેમણે તેમણે 'મોહ' પરનાં મારાં આ જોડકણાં તેવા હેતુથી વાંચવાં, એવી મારી નમ્ર વિનંતી છે.

જીવનનાં સઘળાં જ મૂલ્યો બદલાયા વિના-તે પણ તેની સમગ્રતાથી ને તેની સંપૂર્ણતાથી-ચેતનનો અનુભવ થવો કદાપિ શક્ય નથી. તેથી જ આવા પ્રકારનો જે ભાવનાત્મક પુરુષાર્થી છે, એ તો ક્રાંતિવીર હોય છે. જેમાં ને તેમાં એને તો નૂતન ક્રાંતિના નૂપુરઝણકાર સંભળાતા હોય છે. એની કેડી તો એણે પોતે આગવી પાડેલી છે. એવો પછી કોઈની સાથે કેવી રીતે મળતો આવી શકે ? એવાને કોઈની સાથે સરખાવી નહિ શકાય, સરખાવાય જ નહિ. એવો જે કોઈ છે તે તો સાચો જ મરજીવો છે.

બ્રહ્મ જેમ સંપૂર્ણ સમગ્રતાને સ્પર્શે છે, તેવી રીતે જ બ્રહ્મનો અનુભવી પણ કોઈ ને કોઈ રીતે સમગ્રતાને સ્પર્શતો હોવો ઘટે. **તેની ભાષા પણ એવી હોય કે જે સમગ્રતાને સ્પર્શે. એટલે કે તે એવી હોય કે તદ્દન અભણ અને ગામડામાં રહેતા માણસને પણ સમજાય.** તેનાં કર્મ પણ સમગ્રતાને સ્પર્શે એવાં જ હોય. આવી મારી અંગત સમજણ હોવાથી શ્રીહરિકૃપાથી જે જે કાંઈ લખાણ લખાયાં છે, તે બધાં જ સમજવામાં સરળ છે. વળી, જે યજ્ઞકર્મ શ્રીહરિકૃપાથી લેવાયાં છે, એ પણ સમગ્રતાને સ્પર્શે એવાં છે.

અનુભવીનાં દૃષ્ટિ, વૃત્તિ અને વલણ અમર્યાદિત છે, તે કદાપિ સંકુચિત ન હોઈ શકે ને કદાચ હોય, તો તે યોગ્ય પરિપૂર્ણ, પરિપક્વ અનુભવી ન ગણાય, એવી મારી ગાંડીઘેલી સમજણ છે. 'મોહ'ને સમજાવવા બહુ લાંબું જવું પડે તેમ નથી. 'મોહ'ને તો બધાં જ બરાબર જાણે છે. જે તે બધાં મોહમાં પડેલાં જ છે, કિંતુ તેવું તેમને તેમને તે પરત્વેનું કશું જ ભાન જાગતું હોતું નથી. એ જ મોટામાં મોટી મોહની માયા છે. આ 'મોહ' વાંચવાથી 'મોહ'ની સંપૂર્ણ સ્પષ્ટતા, કાંઈ નહિ તો બુદ્ધિની સમજણમાં તો આવી જશે જ.

આ 'મોહ'નું સર્જન સાહિત્યરસિકો કરતાં શ્રેયાર્થીને માટે શ્રીહરિકૃપાથી લખાયેલું છે. તેથી, સાહિત્યને ન શોભે એવું પણ કેટલુંક તેમાં છે, જેમ કે :-

*મોહને શો ચટાકો છે ! ચાટ્યા કરે જ ચાટને !*
*છતાં જાય હડાકો ના, એવો શો મોહ લટ્ટુ છે !*

આ લીટીઓથી કદાચ કોઈની રસિકતાને ખૂંચે એવું લાગે, તો તેવા મને માફ કરે, પરંતુ મોહ પ્રત્યક્ષપણે તેવો જ છે. મારે તો જેવો મોહ છે, તેને તેના સ્પષ્ટ, નગ્ન સ્વરૂપમાં દર્શાવવાનો છે, કે જેથી કોઈ શ્રેયાર્થી તેને જો યોગ્ય રીતે સમજી શકે ને જો તેની શ્રીહરિ પરત્વેની ભાવનામાં અભિમુખતા જાગી શકી હોય, તો મોહનાં એવાં દર્શનથી મોહ તેને ખરેખરા અર્થમાં ઊંડો હૃદયથી હૃદયમાં ડંખવા લાગે, તો મોહ મોળો જરૂર પડી શકે છે. ખરી રીતે તો શ્રેયાર્થીનું આત્મલક્ષણ મોહથી ઊર્ધ્વક્ષેત્રનું જેમ જેમ જીવતું ને ચેતનાત્મક પ્રગટ્યા કરતું રહે છે, તેમ તેમ જીવદશાનાં કામક્રોધાદિ વલણ મોળાં

પડતાં જતાં જ હોય છે, એવો શ્રીહરિકૃપાથી પ્રત્યક્ષ અનુભવ છે.

એનો એ જ મોહ અનુભવીનો વળી શ્રીહરિભાવના ક્ષેત્રમાં કોઈ અનન્ય ભાવથી તેવા તેવા જીવના ક્ષેમ-કલ્યાણના હેતુ અર્થે જ્ઞાનભક્તિપૂર્વક પ્રવર્તતો હોય છે, તેને તો કોણ પિછાની શકે ? તેવા ચેતનાનિષ્ઠ અનુભવીનું મોહનું વલણ મોહનું દેખાતું હોવા છતાં તેવા ચેતનાનિષ્ઠે પોતાના શ્રીહરિના ભાવનું પ્રત્યક્ષ દર્શન શુદ્ધ પ્રયોગાત્મક રીતે તેમને તેમને કરાવેલું જ હોય છે. એણે પોતાના દિલના ભાવને એમ જીવદશાના કામક્રોધાદિથી તદ્દન સ્વતંત્રપણે સહજ ભાવે સ્વયંસિદ્ધ શ્રીહરિકૃપાથી પ્રવર્તમાન થયેલો અનુભવ્યો હોય છે. આમ, કામ, ક્રોધ, મોહાદિ જીવદશાના જુદા હોય ને તેના તે જ ઊર્ધ્વ દિવ્ય ચેતનાના પ્રદેશના પણ જુદા હોય.

માતા, બાળકનો મળ સ્વચ્છ કરે, ને એક હરિજન ભાઈ તેમ કરે, બંનેની પ્રક્રિયા એકની એક જ, છતાં બંનેના મનોભાવમાં ફરક. તેવું તેવું કામ, ક્રોધ, મોહાદિનું સમજવાનું છે.

સામાન્ય માનવીને પણ આ 'મોહ' સમજાય તેવો છે, પરંતુ માત્ર ખાલી ખાલી સમજવાથી તે ટળી શકે તેવો પણ નથી. તે કેમ અને ક્યારે ટળે એ વિશે પણ શ્રીહરિકૃપાથી લખાયું છે જ.

'મોહ'ને મોહદશામાં રહીને, તેવી ભૂમિકામાં જીવીને, કદી પણ મોળો નહિ પાડી શકાય. મોહથી ઊર્ધ્વ પ્રકારના મનનચિંતવનમાં, અને તે પરત્વેના એકધારા ભક્તિપૂર્વકના, પુરુષાર્થવાળા જિજ્ઞાસાપૂર્વક લાંબાગાળાના, સદ્ભાવથી અને હેતુપૂર્વકના અભ્યાસથી તેમાં નવચેતન અને પ્રાણ જીવતાં જાગતાં થતાં, ને તે તે બધું ચેતનાત્મકપણે પ્રગટતાં, ને પાછું તે અખંડ થતાં, 'મોહ' ટળતો હોય છે. આ હકીકત પરત્વેનું લખાણ બને તેટલું સ્પષ્ટ આ જોડકણાંમાં લખાયું છે ખરું.

આ 'મોહ'નાં જોડકણાંમાં એકની એક હકીકત કદીક ફરી ફરી આવતી લાગે, તો વાચક મને માફ કરે. જે હકીકત વાચક કે શ્રેયાર્થીના દિલમાં ખાસ દૃઢાવવાની હોય, તે હકીકત વારંવાર દોહરાવાય, તો જ તેના મનમાં તે ઘોળાય ખરી, તેવા હેતુથી કેટલુંક પુનરાવર્તન થયું છે ખરું. ખાસ કરીને શ્રેયાર્થીને માટે તો તેવું તેવું યથાયોગ્ય જ છે, તેવો મારો પોતાનો અનુભવ છે. જીવનવિકાસનાં ક્ષેત્રમાં વિકાસને સાનુકૂળ હોય એવી હકીકતના પુનરાવર્તનને યોગ્ય ગણેલું છે. તેમ છતાં તેવું પુનરાવર્તન આ જોડકણાંમાં કોઈકને ડંખે કે દોષ જેવું લાગે, તો તે સર્વની હું ક્ષમા માગી લઉં છું.

આ કાવ્ય નથી, માત્ર જોડકણાં છે. શ્રીહરિકૃપાથી અનુષ્ટુપ છંદ મને ફાવી ગયો છે. શાસ્ત્ર પ્રકારનું કાંઈ પણ કશું હોય તો અનુષ્ટુપમાં જ લખાય છે, તેવો સામાન્યપણે ઘણાં ઘણાં વર્ષોથી રિવાજ પડી ગયેલો છે. તેથી, આ 'મોહ' ઉપરનું લખાણ અનુષ્ટુપમાં લખાયેલું છે. તેની યથાર્થતા કેટલી યોગ્ય છે તેનો તો વાચકો જ ન્યાય કરશે.

હરિઃૐ આશ્રમ, નડિયાદ.

તા. ૧૦-૯-૧૯૭૩ **-મોટા**

'મોહ', પ્ર. આ., લેખકના બે બોલમાંથી સાભાર સંકલિત ❑

**ગયેલા આત્માને...**

પૂજ્ય શ્રીમોટાના નડિયાદના સદ્ગત સ્વજન શ્રી ચંદુભાઈ નાનાભાઈ પટેલનાં સુપુત્રી અને શ્રી નિરંજનભાઈ પટેલ (એન.સી.પટેલ, વલ્લભવિદ્યાનગર)નાં મોટી બહેન **અ.સૌ. સુધાબહેન શરદચંદ્ર પટેલ** (ભાદરણ), (હાલ એડીશન ન્યુજર્સી)નું તા. ૪-૫-૨૦૧૪ના રોજ ૭૬ વર્ષની વયે અવસાન થયું છે ઈશ્વર ઈચ્છા બળવાન છે, પ્રભુ સદ્ગતના અત્માને શાંતિ અર્પે તેવી પ્રાર્થના છે. **-સંપાદક**

## (૩) ફટકો

**શ્રીરંગ અવધૂત**

*(પરમ પૂજ્ય સ્વામી મહારાજે મરાઠી ભાષામાં સ્ત્રીઓને ઉપદેશરૂપ જે લખાણ કરેલ તેનું આ ગુજરાતી રૂપાંતર છે. -સંપાદક)*

કામાધીન થઈને હીન, કુલ ને શીલ ડુબાડીશ ના,
નશ્વર કાયાને પંપાળી, વેર કોઈથી કરીશ ના,
થતાં લાભ કે પ્રાણે જાતાં, જૂઠું કદીયે બોલીશ ના,
છોડી કપટ, રાખી મન કબજે, દત્તપ્રભુને ભૂલીશ ના.
સ્વધર્મને તું ડુબાડીશ ના,
સત્ય કદાપિ છોડીશ ના.
વ્યર્થ કુથલીઓ કરી, તાળીઓ પાડી વખત ગુમાવીશના.૧
હલકટ બુદ્ધિ રાખી કોઈ સહ, સાચાં જૂઠાં કરીશ ના,
તું કોઈની કોડી પણ એ કદી ચોરીને લઈશ ના,
ઘમંડ મિથ્યા રાખી દેહનો, પર અપમાન કરીશ ના,
આત્મસુકૃત બદલામાં કોઈ કરે દુષ્કૃત તો બોલીશ ના,
બીજા પર વ્યર્થ રીસાઈશ ના,
લોકોમાં ખડખડ હસીશ ના,
રહે સ્વજનમાં સરળ વર્તીને લઢવાડ કોઈમાં ઘાલીશ ના.૨
કોઈ કોઈનું વદે ગમે તે, તું કાન પર ધરીશ ના,
જઈ ઘેર પડોશતણે તું નાહક બકબક કરીશ ના,
ડિંગ સાંભળી સાન ગુમાવી, દુર્જન સોબત ધરીશ ના.
નખરાંઠકરાં તું બતાવીશ ના,
ખોટી ભૂલ થાવા દેઈશ ના,
દરદાગીના ઉત્તમ લૂંગડાં લેવા ફૂંદડી ફરીશ ના. ૩
બે દિનની આ લક્ષ્મી સાચી, જાણી ધનમદ કરીશ ના,
વિપદ આવતાં ચિત્ત સમાલી, વ્યર્થ ધૂમ મચાવીશ ના,
કોઈ ગમે તે વદે એકદમ, જવાબ સામો આપીશ ના,
કીર્તિ ગુમાવી અપકીર્તિ કદી લોકમાં ફેલાવીશ ના.
મર્યાદાને ભાંગીશ ના,
આચાર થકી કંટાળીશ ના,
રહી તત્પર સ્હેવા આવે તે, દોષ કોઈને દેઈશ ના. ૪
જમાઈ વેવાઈ ખુશ કરવા દેવું કોઈનું કરીશ ના,
શ્રેય ચિંતીને ધર્મ કરતાં આગળ પાછળ જોઈશ ના,
પતિ-આજ્ઞા વિણ સ્વેચ્છાથી તું ધર્મ-આચરણ કરીશ ના,
વ્રતદાનાદિક કોઈકરે તો વચ્ચે આડે આવીશ ના. ૫
આ ઉપદેશ ફગાવીશ ના,
*(ઉચ્છૃંખલ વર્તન રાખીશ ના.
દત્તાજ્ઞાથી વાસુદેવ આ કે, એને ઉલ્લંઘીશ ના.

*આ ચરણ મૂળમાં નથી. પૂજ્ય શ્રીરંગ અવધૂતે ઉમેર્યું છે.

❑

### અગત્યની જાણકારી

હરિઃૐ આશ્રમ, કુરુક્ષેત્ર મહાદેવ મંદિર પાસે, જહાંગીર પુરા, રાંદેર, સુરત-૩૯૫૦૦૫, ફોન : (૦૨૬૧) ૨૭૬૫૫૬૪-૨૭૭૧૦૪૬ની વેબસાઈટનું એડ્રેસ Email : hariommota1@gmail.com છે અને ઈમેઈલ આઈડી www.hariommota.org છે.

આ વેબસાઈટ ઉપર આશ્રમની માહિતી, પૂજ્ય શ્રીમોટાનાં પુસ્તકો ઉપલબ્ધ છે. પૂજ્ય શ્રીમોટાનું સુવાક્ય ગુજરાતીમાં અને અંગ્રેજી અનુવાદ દૈનિક ઓટો ઈમેઈલ થકી સ્વજનોને મોકલવામાં આવે છે. **દર મહિનાનું 'હરિભાવ' આ વેબસાઈટ ઉપર ઉપલબ્ધ હોય છે.** **-સંપાદક**

# (૪) પ્રેરક વિભૂતિ મહાત્મા ગાંધી - (૯)

*(ગતાંકથી આગળ...)*

સેવાનાં કર્મ જરૂર કરવાનાં છે પણ એવાં જ કર્મ બીજાંના ઉદ્ધાર કાજે નથી પણ પોતાના જ ઉદ્ધાર માટે-પોતાની જ સેવા માટે છે એવું જ્ઞાનભાન થતા કર્મ દ્વારા સતત પ્રવર્તતું રહેવું જોઈએ. સેવા શેને કાજે ? એનો હેતુ શો છે ? કેવા કેવા ગુણોનું જીવનમાં સ્થાપન થવાથી સેવા ઉત્તમ બની શકે વગેરે અંગે આપણે બધાંએ વિચારવાનું છે ને શીખવાનું છે.

ઉપર પ્રમાણેના ભાવથી જો સેવા કાર્ય થયા કરે તો આપમેળે આપણામાં મતસહિષ્ણુતા, પરસ્પર સહાનુભૂતિ, યોગ્ય ન્યાય આપવાની પ્રમાણિકતા, જીવનમાં નકારાત્મકપણાને ઉન્નયન કરવાની શક્તિ વગેરે પ્રગટ્યા કરશે. બાકી તો (ગાંધીજી જેવા-સં.) એક ચેતનવંતા આત્માની બાંગ (હૃદય પોકાર) પોકારાતી હશે ત્યાં આજુબાજુનાં ટોળાંની જમ આપણે એમને વળગેલા રહ્યા કરીશું.

અહિંસાને સમજનાર, તેને જીવનમાં આચરવાની સાધનાકળા કેટલા લોકોમાં હોવાની ? બાકી તો આદર્શ એવા મહાન આત્માના (ગાંધીજીના-સં.) જીવન દ્વારા પ્રકટે એને યોગ્ય રીતે ઝીલનાર, સ્વીકારનાર કોઈ ન હોવાથી, થોડોક કાળ વ્યતીત થતાં તે આપોઆપ લય પામી જાય છે. કેટલીક વખતે काल ભગવાન, નિમિત્ત પ્રકારના આત્માને પ્રકટાવીને સમાજના ચક્રને જેમ ચલાવવાનું કરાવતો હોય છે તેવી રીતે જીવોને તે પ્રેરતો રહે છે તે પણ એક સમજવા જેવી હકીકત છે. આ બધી હકીકત કોઈના ઉપર ટીકારૂપે લખેલી નથી.

काल ભગવાન સમાજને ઘડવા માગતો હોય છે. આપણો સમાજ હવે મુશ્કેલીઓમાંથી પસાર થતો થતો, અથડાતો, કુટાતો, પછડાતો, ખોડંગાતો ખોડંગાતો આગળ ધપવાનો જ છે. હૈયાના ઉમળકાથી આપણે ઘડાવાને તૈયાર થઈએ તો આપણે કાળને પણ ટૂંકાવી શકીએ તે જરૂર સમજવું.

• • •

શ્રી કાકાસાહેબ કાલેલકર રચિત **'બાપુની ઝાંખી'** નામની જે ચોપડી છે તેના પાન ૪૨ ઉપરનું લખાણ નીચે પ્રમાણે છે :-

'સવારે ચાર વાગ્યે અમો પ્રાર્થના કરવા ઊઠ્યા. હાથ મોં ધોઈ પ્રાર્થના શરૂ કરીએ, તે પહેલાં બાપુએ (ગાંધીજીએ) મને પૂછ્યું કે રાતે સૂતાં પહેલાં તમે પ્રાર્થના કરેલી કે ?' મેં કહ્યું, 'રાતે આવ્યો ત્યારે એટલો તો થાકી ગયો હતો કે પડ્યો તેવો જ ઊંઘી ગયો. પ્રાર્થનાનું યાદ જ ન આવ્યું. હમણાં આપે પૂછ્યું ત્યારે યાદ આવ્યું કે પ્રાર્થના રહી ગઈ.'

મહાદેવભાઈએ કહ્યું, 'હું પણ પ્રાર્થના કર્યા વગર જ સૂઈ ગયેલો. પણ આંખ મળે તે પહેલાં યાદ આવ્યું. એટલે ઊઠીને પથારીમાં બેસીને જ પ્રાર્થના કરી લીધી. કાકાને ન જગાડ્યા.'

પછી બાપુએ કહ્યું, 'હું કલાક દોઢ કલાક કાંતવાની હરીફાઈમાં બેઠો. ત્યાંથી આવ્યો ત્યારે એટલો થાકી ગયો હતો કે હું પણ પ્રાર્થના કરવાનું ભૂલી ગયો અને એમને એમ ઊંઘી ગયો. રાતે બે અઢી વાગ્યે આંખ ઊઘડી ગઈ ત્યારે યાદ આવ્યું કે સાંજના પ્રાર્થના કરી નથી. મને એવો તો આઘાત લાગ્યો કે આખું શરીર ધ્રૂજવા લાગ્યું. **જેની કૃપાથી જીવું છું, મારા જીવનની સાધના કરું છું, તે ભગવાનને જ ભૂલી ગયો ! આ કેવી ગફલત.' ભગવાનની ક્ષમા માંગી. પણ ત્યારથી ઊંઘ નથી આવી. આમ ને આમ બેસી રહ્યો છું.**

ગાંધીજી એકવાર પ્રાર્થના ભૂલી ગયા તેથી તેમને કેટલું ઊંડું દર્દ પ્રગટ્યું હતું. તે તેમની ઉપરની વાણીમાંથી સમજાય છે. જોકે તેઓ તો સતત દરિદ્રનારાયણની એકમાત્ર સેવામાં જ લગાતાર પરોવાયેલા રહ્યા કરતા હતા. જ્યારે આપણે તો ગળાબૂડ સંસારના રગડાઝઘડામાં ડૂબેલાં રહીએ છીએ. ને એવા આપણે જીવો ચેતનનો અનુભવ કરવા યા જીવનવિકાસના ઊંચા આદર્શને સિદ્ધ કરવાને નીકળેલાં છીએ ને આપણા વેશ તો જુઓ ! એને ભૂલી જવાતાં એટલી કારમી વેદના આપણને થાય છે ખરી ?

જે જીવને ચેતનનો અનુભવ કરવાની મહત્ત્વાકાંક્ષા છે એવાની પ્રાર્થના તો-દરેક એના રોજિંદા વહેવાર, વર્તન, સંપર્ક, સંબંધ, કર્મ, વાતચીત, વિચાર, લાગણી, વૃત્તિ તેને બધાંયમાં રહેવાની. એવી છે એની પ્રાર્થનાની દિલચસ્પી. એવી પ્રાર્થનામાં ભાષાના વ્યક્ત શબ્દો હોતા નથી. એવાની પ્રાર્થના મોઢામાંથી નીકળતી હોતી નથી. એની પ્રાર્થના તો એનું હૃદય કર્યા કરતું હોય છે.

આપણે ભલે એવી ટોચે ચઢી શકતાં નથી પણ અવારનવાર જે તે કંઈ કર્યા કરીએ તે તે એને સંભારી એને પ્રસન્ન કરવા કાજે જીવતી ભાવના સેવીને કરવું રહે. **એને સંભાર્યા વિનાની એક પળ પણ આપણાથી પસાર કરાતાં આપણને ઘણું ઘણું ડંખવું ને સાલવું ઘટે.**

આપણે આશા રાખવી છે ઊંચામાં ઊંચી ને વર્તન તેવા પ્રકારનું કરવાનું લેશમાત્ર જો દિલ નથી થતું તો જાણવું ને માનવું કે આપણે હજી Fool's Paradise મૂર્ખાઓના સ્વર્ગમાં વસી રહેલા છીએ.

...જે ઊંઘ જીતી શકે છે તે તેના સાચા અર્થમાં 'બ્રહ્મચારી' થઈ શકે છે. ઊંઘ ઉપર જેનો ચેતનપૂર્વકનો સંયમ પ્રગટે છે, તે ઊર્ધ્વરેતસ થઈ શકે છે. એટલે કે એવા પ્રકારની સંભવિતતા એનામાં જન્મે છે. ઊંઘ શરીરને માટે જરૂરની છે. જ્યારે સતત ગંગાના પ્રવાહના જેવો ભાવ જાગતો હોય છે કે જાગેલો હોય છે ત્યારે ઊંઘ મુદ્દલે પણ ન હોય એવું બને ખરું.

પૂજ્ય ગાંધીજી વિલાયતમાં હતા ત્યારે ઘણી વાર માત્ર બે-ત્રણ કલાક ઊંઘતા હતા તે જાણીતી હકીકત છે. ભાવ એ ઘણી મહત્ત્વની હકીકત છે. માટે આપણે જે તે બધું ભાવને સાચવીને જીવતો રાખીને કર્યા કરવાનું છે...

...મનુષ્યમાં ચેતન રહેલું છે એટલે તે છતું થવાને હંમેશાં પ્રયત્નશીલ હોય છે. પ્રારબ્ધ, પુરુષાર્થ એવા બધા વાદ વળગી શકતા નથી. પૂજ્ય ગાંધીજીનો જીવતોજાગતો દાખલો આપણી સમક્ષ પ્રત્યક્ષ છે. સ્વાતંત્ર્યનું સૂત્ર 'કરેંગે યા મરેંગે' તેમણે આપેલું છે. એમના હૃદયની પ્રચંડ ભાવનાઓએ ઘોર તામસમાં પડેલા સમાજને ખળભળાવ્યો. આમ એક વ્યક્તિ સમાજને ઘડે છે. આપણી સંસ્કૃતિ જીવતી છે. અનેક મહાન પરાક્રમી પુરુષો, તત્ત્વચિંતકો, વિજ્ઞાનવેત્તાઓ તે સંસ્કૃતિમાંથી જન્મ્યા છે. સંસ્કૃતિને તેઓએ પુનર્જીવન પણ પ્રાપ્ત કરાવ્યું છે. એવા બધા જો પોતાના આદર્શને પામી શક્યા તો આપણે કાં ન પામી શકીએ ?

'પ્રેરક વિભૂતિ મહાત્મા ગાંધી', બી. આ., પૃ. ૫૬ ❑

**સ્થિતપ્રજ્ઞ**

'ગીતાજીના સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો જેને લાગુ પડે એવો શરીરધારી ભાગ્યે જ શોધ્યો જડે, પણ એ લક્ષણોની બહુ નજીક પહોંચેલા મહાપુરુષ ગાંધીજીને મેં મારી સગી આંખે જોયા છે. એમને આશરે રહેવાનું મને મળ્યું એથી મારું જીવન ધન્ય થઈ ગયેલું જાણું છું.' **-વિનોબાજી**

'શાશ્વત ગાંધી, પુસ્તક-૩૧', ટા.પેજ-૪

## (૫) અખાનું જીવન અને કવન

- ડૉ. શિવલાલ જેસલપુરા

*(બ્રહ્મજ્ઞાની કવિ અખા ભગતની જન્મજયંતી (૨-૫)ના નિમિત્તે અમદાવાદની દેસાઈ પોળમાં આવેલા તેમના મકાન સામેના અખા ભગત ચૉકમાં જે આયોજન થયું તેની વિગત એક વર્તમાનપત્રમાં તા. ૩-૫-૧૪ના રોજ પ્રકાશિત થતાં તેનાથી પ્રેરાઈને અખાના જીવન અને કવન અંગેની વિગત પ્રકાશિત કરાઈ છે.-સંપાદક)*

**(૧) જીવન :**

અખાનાં જન્મ-સ્થળ, સમય, માતાપિતા, બાળપણ, વસવાટ, કુટુંબજીવન તથા અભ્યાસ વિશે ચોક્કસ માહિતી મળતી નથી.

જનશ્રુતિ અનુસાર અખો અમદાવાદથી દક્ષિણમાં ૧૬ કિલોમીટર દૂર આવેલા જેતલપુર ગામનો વતની હતો અને પિતાની સાથે આવીને અમદાવાદ વસ્યો હતો. અમદાવાદના ખાડિયા વિસ્તારમાં દેસાઈની પોળમાં આવેલા એક મકાનમાંના ખંડને અખાના ઓરડા તરીકે ઓળખાવવામાં આવે છે પણ તેને માટે કશી સાબિતી નથી.

અખાએ એની કવિતામાં જ્ઞાનવૈરાગ્યનું મહત્ત્વ દર્શાવ્યું છે તે ઉપરથી, તેનું મન સંસાર ઉપરથી ઊઠી ગયાની કેટલીક દંતકથાઓ અસ્તિત્વમાં આવેલી છે. એમ કહેવાય છે કે અખાએ બાળપણમાં માતા અને જુવાનીમાં પિતા ગુમાવ્યાં હતાં. એની યુવાન વયમાં એની એક બહેન અને પછી પત્ની મૃત્યુ પામ્યાં હતાં. સોનીનો વ્યવસાય કરતો અખો થોડો સમય અમદાવાદમાં ટંકશાળનો ઉપરી બન્યો હતો, ત્યાં સિક્કાની ધાતુમાં ભેળસેળ કરવાનો આક્ષેપ તેની ઉપર મુકાયો હતો. એવામાં જેને ધર્મની બહેન માનતો હતો તે સ્ત્રીએ તેની પાસે સોનાની કંઠી કરાવેલી તેમાંથી સોનાની ચોરી કરી હોવાનો તેના ઉપર આક્ષેપ મુકાયો હતો. આ બંને આક્ષેપો ખોટા પુરવાર થયા પણ તેથી અખાને ઘણું દુઃખ થયું. સંસાર પરથી તેનું મન ઊઠી ગયું અને ઘર છોડીને એ નીકળી પડ્યો.

અખો પ્રથમ તે સમયમાં વૈષ્ણવ સંપ્રદાયના કેંદ્ર ગણાતા ગોકુળ ગયો. ત્યાંના ધર્મગુરુ ગોકુળનાથજીને ગુરુ કરી થોડો સમય ત્યાં રહ્યો. પણ તેના મનને સંતોષ થયો નહિ. ત્યાંથી તે કાશી ગયો. કાશી તે વખતે ધર્મ અને વિદ્યાનું કેંદ્ર ગણાતું હતું. ત્યાં બ્રહ્માનંદ નામના સંન્યાસીએ તેની પરમતત્ત્વની પ્રાપ્તિ માટેની ઝંખના સંતોષી. અખાની કૃતિઓમાં અવારનવાર 'બ્રહ્માનંદ' શબ્દ આવે છે પણ એ એના ગુરુનું નામ છે કે 'બ્રહ્મનો આનંદ' એવો અર્થનો પ્રયોગ છે એ વિશે મતભેદ પ્રવર્તે છે.

અખાના જીવન વિશે પ્રમાણભૂત માહિતી આટલી મળે છે :-

(૧) એનાં ગુજરાતી પદોને અંતે 'અખો' તેમ જ હિંદી પદોને અંતે 'સોનારો' શબ્દ આવે છે, તે દર્શાવે છે તેમ તે જ્ઞાતિએ સોની હતો. (૨) તેના છપ્પા (૧૬૭-૧૬૮)માં તેણે પોતાના ગુરુ તરીકે ગોકુળનાથ (અવસાન ૧૬૪૧)નો ઉલ્લેખ કર્યો છે તે દર્શાવે છે કે શરૂઆતમાં અખો વૈષ્ણવ હતો. આ સંપ્રદાયના બાહ્યાચારો પર તેણે કટાક્ષ કર્યા છે પણ જ્ઞાન, વૈરાગ્ય અને બાહ્યાચાર વિનાની શુદ્ધ ભક્તિનું મહત્ત્વ તેણે સ્વીકાર્યું છે. (૩) તેના 'ગુરુ-શિષ્યસંવાદ' કાવ્યમાં તેનું રચનાવર્ષ સં. ૧૮૦૧ (ઈ.સ. ૧૬૪૯) મળે છે. તે ઉપરથી તેનો જીવનકાળ ઈ.સ. સત્તરમા સૈકાનો (આશરે ઈ.સ. ૧૬૦૦ થી ૧૬૫૦) હોવાનો સંભવ છે.

તેની સમગ્ર કવિતામાં ઉપનિષદોના પડઘા સંભળાય છે અને ઉપમાનો માટે તેણે પુરાણોનો આસાનીથી ઉપયોગ કર્યો છે. આ બધું જોતાં અખો સંસ્કૃતનો તેમ જ પૌરાણિક-વેદાંતિક સાહિત્યનો સારો જાણકાર હશે એમ લાગે છે.

અખાની કવિતાનાં ઉપમાનો પુરાણો ઉપરાંત ખગોળ, શિલ્પ, સંગીત અને જ્યોતિષ જેવી વિદ્યાઓ તેમ જ વિવિધ વ્યવસાયો, વનસ્પતિઓ, પશુપંખીઓ, શસ્ત્રો, ખાદ્ય-પેય-માદક પદાર્થો, લોકમાન્યતાઓ અને અનેક પ્રકારની ઘરવપરાશની વસ્તુઓને આવરી લે છે. ઐહિક જીવનનું તેનું આ જ્ઞાન આશ્ચર્ય પમાડે એવું છે. ઉપરાંત તેની કવિતામાં આવતાં કહેવતો, રૂઢિપ્રયોગો, અરબી:ફારસી, રાજસ્થાની, કચ્છી, સૌરાષ્ટ્રી, પટ્ટણી, સુરતી અને ચરોતરી ભાષા-બોલીઓના શબ્દો તેની આ બહુશ્રુતની સાક્ષી પૂરે છે.

અખાની કવિતા વેદાંતના તત્ત્વજ્ઞાનની છે, પણ છપ્પામાં તેણે પરમાત્માનો અનુભવ કરવામાં વિઘ્નરૂપ થતાં ધાર્મિક, સામાજિક અને સાહિત્યિક અનિષ્ટો ઉપર ભારે કટાક્ષ કર્યા છે. ઉપનિષદોના ઋષિઓ અને મહાન સંતોની જેમ તેણે આત્મા અને પરમાત્માને ઓળખવાનો અને ઓળખાવવાનો ભારે પુરુષાર્થ કર્યો છે અને તે માટે કવિતાની સહાય લીધી છે. તેનું કવિકર્મ પણ તેના વિષયને અનુરૂપ ઉચ્ચ કોટિનું છે. આમ, અખાનું વ્યક્તિત્વ બહુમુખી પ્રતિભાવાળું-અસાધારણ કહી શકાય એવું છે.

**(૨) કવન :**

અખો ભારતના શું, વિશ્વના મહાન સંતકવિઓની હરોળમાં ઊભો રહે તે કોટિનો ગુજરાતનો એક મોટો સંતકવિ છે. તેની ગુજરાતી રચનાઓ છપ્પા (૭૫૫) વધારે જાણીતા છે. તે ઉપરાંત 'અનુભવબિંદુ', 'અખેગીતા', 'ગુરુશિષ્ય-સંવાદ', 'ચિત્તવિચાર સંવાદ', 'પંચીકરણ' 'અવસ્થા નિરૂપણ' અને 'કૈવલ્યગીતા', 'બ્રહ્મલીલા', 'સંતપ્રિયા' વગેરે તેની રચનાઓ છે. તેની હિન્દી કવિતામાં ફારસી, સૂફીવાદની અસર જોવા મળે છે.

**(૩) અખાનું તત્ત્વચિંતન :**

અખાની કવિતાનો વિષ્ય તત્ત્વજ્ઞાન છે. તેમાં એવું પ્રતિપાદન કરવામાં આવ્યું છે કે આ સૃષ્ટિમાં જે કંઈ સારું કે નરસું છે તે બ્રહ્મ છે-सर्वं खलु इदं ब्रह्म : બ્રહ્મ જ સર્વનો કર્તા અને ભર્તા છે, છતાં સર્વથી પર છે. આકાશની જેમ તે અનાદિ અને અનંત, અખંડ અને અવિનાશી, સર્વવ્યાપી અને નિરાકાર, અગમ અને અગોચર, સૂક્ષ્મથી સૂક્ષ્મ અને વિરાટથી વિરાટ, એક અને અદ્વિતીય છે. તેનું દર્શન કે વર્ણન થઈ શકે તેવું નથી. આવા બ્રહ્મનો અંતરમાં અનુભવ કરી શકાય પણ તે માટે આત્મજ્ઞાન (સૂઝ, સમજ, સદ્‌વિચાર) આવશ્યક છે. આત્માનું સ્વરૂપ અને સામર્થ્ય તેનું જ્ઞાન મેળવવાથી, બ્રહ્મમાં તદ્રૂપ થવાથી, મનને ઇચ્છારહિત અને અંતરને શુદ્ધ કરવાથી સમજાય છે, તે સિવાય બીજા કોઈ સાધનની જરૂર નથી. બાહ્યોપચાર વિનાની, ઈશ્વરપ્રીતિવાળી શુદ્ધ ભક્તિ અને સાચો વૈરાગ્ય બ્રહ્મને ઓળખવામાં ઉપયોગી થાય છે. પણ શ્રેષ્ઠ સાધન તો આત્મજ્ઞાન જ છે. **આત્મજ્ઞાન મેળવવા માટે સદ્‌ગુરુનું માર્ગદર્શન કે સંતસમાગમ અને હરિની કૃપા આવશ્યક છે.**

અખાની આ તત્ત્વવિચારણા વેદાંતના-ઉપનિષદોના તત્ત્વજ્ઞાનને મળતી આવે છે. તે ઉપરાંત દક્ષિણ ભારતના જ્ઞાનેશ્વર અને ઉત્તર ભારતના કબીરની કવિતાની, તેમ જ પોતાના પુરોગામી ગુજરાતના કવિઓ માંડણ બંધારાની 'પ્રબોધબત્રીસી'ની તથા નરહરિની 'જ્ઞાનગીતા'ની અસર અખાની કવિતા પર થયેલી છે. તોપણ તેનું અંતસ્તત્ત્વ અને નિરૂપણ અખાનું પોતાનું છે.

જ્ઞાની તરીકે અખાની વિશેષતા એ છે કે નરહરિની જેમ તે અજાતવાદી છે. એટલે કે એ માને છે કે કશું જ જન્મતું નથી-સૃષ્ટિ પણ નહિ.

જડ અને ચેતન, સારું અને નરસું, બધું જ બ્રહ્મ છે. જે ભેદ ભાસે છે તે તો ચિત્તના-મનના કલ્પેલા છે. આ બ્રહ્મને આદિ-અંત નથી, તે તો સદાય એવું ને એવું છે. આ ઉપરાંત અખો સાચી ભક્તિ અને સાચા વૈરાગ્યને પણ આવકારે છે. અને સદ્‌ગુરુને-સત્સંગને ખૂબ જ, હરિ જેટલું જ મહત્ત્વ આપે છે.

*'જે રવિ દેખાડે રવિધામને, તેમ ગુરુ દેખાડે રામ.'*
*'સાચી સમજણ તે જ સમજે જે સેવે હરિગુરુસંતને.'*
*'એનું હાર્દ તો હાથ આવે જો સેવો હરિગુરુસંતને.'*

અખાએ જ્ઞાનને આત્મસાત્ કર્યું છે. ઉપરાંત તેનું જ્ઞાન અનુભવસિદ્ધ છે. છપ્પામાં તેણે કહ્યું છે :-

'ઘણાં કૃત્ય કર્યા મેં બાહ્ય, તોહે ન ભાંગી મનની દાઝ્ય.' (છપ્પો ૧૬૭)

'બહુ કાળ હું રોતો રહ્યો, આવી અચાનક હરિ પરગટ થયો,
ત્રણ મહાપુરુષ ને ચોથા આપ, જેનો ન થાયે વેદે થાપ.
અખે ઉર-અંતર લીધો જાણ, ત્યાર પછી ઊઘડી મુજ વાણ્ય.'
(છપ્પો ૧૬૯)

'આજ આનંદ મારા ઉરમાં ઊલટ્યો,
શ્રીહરિની મુને ભાળ લાગી.' (પદ ૬૩)

**(૪) અખાની સર્જનપ્રતિભા :**

અખાની કવિતામાં ઠેર ઠેર બ્રહ્મના અનુભવનો આનંદ અને તેની ઉત્કટ ઝંખના વ્યક્ત થયેલ છે. છપ્પામાં તેના સમયનાં ધાર્મિક, સામાજિક અને સાહિત્યિક દૂષણો ઉપર આવેશભર્યા કટાક્ષ અને હાસ્ય છે. પ્રેમલક્ષણા ભક્તિના પદમાં શૃંગાર છે.

અખાની દૃષ્ટાંતપસંદગી વર્ણ્ય વિષયને સચોટ બનાવે તેવી છે. બ્રહ્મને માટે આકાશનું, સદ્‌ગુરુને માટે લોહચુંબકનું, સંસારી ગુરુને માટે કોડીનું, મનને માટે મર્કટનું અને હાડકું ચૂસતા કૂતરાનું, જીવને માટે ઝાંખરાનું, માયાને માટે છૂપી છરીનું, પોતાનાં જ બચ્ચાંને ખાઈ જતી સાપણીનું કે ઘેટાને હૃષ્ટપુષ્ટ કરી તેનો વધ કરનાર કસાઈનું, સંસારને માટે ખાતાં ખાંડ અને ચાવતાં રેતનું, આત્મજ્ઞાન સિવાયની પ્રવૃત્તિ ભરવા માગતા માણસનું ઉપમાન કેટલાં બધાં અર્થસાધક, ઉચિત અને માર્મિક છે !

અખાએ તેના એક છપ્પામાં કહ્યું છે કે ***'જ્ઞાનીને કવિ ન ગણીશ.'*** વળી કવિતાનાં ઓજારોનું પોતાને જ્ઞાન નથી એમ પણ કહ્યું છે. પરંતુ ચોપાઈ, જેકરી, ચરણાકુળ, દોહરા-દુહા-સાખી, સોરઠા, રોળા, ઝૂલણા, કવિત્ત અને સવૈયા જેવા છંદો તથા તેના દેશીબંધો તેમ જ પદમાં યોજેલી રાગરાગીણીઓનાં લય અને પ્રવાહિતા જોતાં પદ્યરચના ઉપરના તેના પ્રભુત્વની ખાતરી થાય છે.

અખાએ તત્ત્વવિચારની કવિતા કોઈ પણ ગુજરાતી કવિ કરતાં વધારે લખી છે, એટલું જ નહિ પણ તેમાં ઊંચી કોટિનું કવિત્વ સિદ્ધ કર્યું છે. શ્રી ઉમાશંકર જોશીએ પણ આવો જ અભિપ્રાય આપેલો છે. 'અખાએ તત્ત્વવિચારની કવિતાને શિખરે પલાંઠી લગાવી છે.'

'અખાની કાવ્યકૃતિઓ, ખંડ-૧', બી. આ., પૃ. ૩૩ ❑

**ગયેલા આત્માને...**

પૂજ્ય શ્રીમોટાના સ્વજન અને સુરત મુકામે **શ્રી જયંતીભાઈ જાની**ના ચાલી રહેલા જપયજ્ઞના કાર્ય માટે છેલ્લાં બાર વર્ષથી રેલવેની ટિકિટો લાવી આપવાની સેવા આપી રહેલ અને શ્રી **લેખડિયા પરિવારની કંપની**માં વીસ વર્ષથી સર્વિસ કરી રહેલા શ્રી રાજેશભાઈ શાહનાં ધર્મપત્ની **શ્રી દિવ્યાબહેન**નો ૭૦ વર્ષની વયે અમદાવાદ મુકામે તા. ૬-૫-૨૦૧૪ના રોજ દેહાંત થયો છે.

આ દંપતીનાં દીકરી કુ. નીપા (ઇલે.ઍન્જિનિયર) ગુણાતીત જ્યોત, વલ્લભવિદ્યાનગર ખાતે અને પુત્ર શ્રી સંદીપ (સિવિલ ઍન્જિનિયર) અનુપમ મિશન-મોગરી, આણંદ ખાતે આજીવન સેવા માટે જોડાયાં છે. આ ગતાત્માને શ્રીહરિ ચિર શાંતિ અર્પે એવી પ્રાર્થના છે. **-સંપાદક**

## (૬) દૃષ્ટાંત કથા : સ્વામી પ્રકાશાનંદજી

**માવજી કે. સાવલા**

*(શ્રી માવજી કે. સાવલાનાં લખાણ 'હરિભાવ'માં સમયાંતરે પ્રકાશિત થાય છે. સ્વામી પ્રકાશાનંદજીના સત્સંગની વિગતો 'ધર્માલાપ'માં સમાયેલી છે. તેમાંથી દૃષ્ટાંત કથાથી સ્વામીજી જે ઉપદેશ આપતા તેમાંથી સંકલિત અંશ તેઓશ્રી તરફથી મળતાં પ્રકાશિત કરાયેલ છે. તેઓશ્રીની ભાવના છે કે આવી દૃષ્ટાંત કથા અન્ય સત્ સાહિત્યમાંથી પણ તે મોકલતા રહેશે. -**સંપાદક**)*

**(૧) રાજા અને ભિખારી :**

એક શહેરની બહાર જંગલમાં એક મહાત્મા રહેતા હતા. તેમની પાસે સાંજે એક ગૃહસ્થ દર્શન કરવા આવ્યા. મહાત્માની ના છતાં જતી વખતે તેઓ એક સોનામહોર ભેટ મૂકીને ચાલ્યા ગયા. પછીની સવારે મહાત્માએ પોતાના શિષ્યને કહ્યું : 'આ મહોર કોઈ ભિખારીને આપી આવ.' શિષ્ય સોનામહોર લઈને કોઈ ભિખારી શોધીને આપવા જતો હતો, એટલામાં ત્યાં એક રાજાની સવારી લશ્કર સાથે જતી જોઈ. મધ્યમાં રાજાની પાલખી હતી. કોઈકને પૂછવાથી શિષ્યે જાણ્યું કે રાજા કોઈ બીજો દેશ જીતવાની ઇચ્છાથી લશ્કર લઈને જતો હતો. તેથી શિષ્ય સમજી ગયો કે એ રાજા હોવા છતાં ભિખારી જ છે, તેથી પાલખી પાસે જઈને તેણે તેમાં સોનામહોર નાખી. એટલામાં તરત જ સિપાઈઓએ તેને પકડી લીધો. પાલખી ઊભી રખાવીને રાજાએ તેને પાલખીમાં સોનામહોર નાખવાનું કારણ પૂછ્યું.

શિષ્યે જવાબમાં રાજાને કહ્યું, 'મારા ગુરુશ્રીએ કોઈ ભિખારીને સોનામહોર આપવાનું કહ્યું હતું, એટલે તમને ભિખારી સમજીને મેં તો સોનામહોર પાલખીમાં નાખી.'

રાજા ગુસ્સે થઈને એ શિષ્યને સાથે લઈને ગુરુશ્રી પાસે પહોંચ્યો. મહાત્માને નમન કરીને કહ્યું, 'મહારાજ ! આવા મૂર્ખને તમે શિષ્ય કરી શા માટે પાસે રાખ્યો છે ? મને ભિખારી સમજીને મારી પાલખીમાં એણે સોનામહોર ફેંકી.' મહાત્માના પ્રશ્નના ઉત્તરમાં રાજાએ કહ્યું, 'હું બીજો દેશ જીતવા જઈ રહ્યો છું.' મહાત્માએ પૂછ્યું 'તમારા રાજની ઊપજ કેટલી છે ?' રાજાએ જવાબ આપ્યો, 'સાત કરોડ રૂપિયા.'

મહાત્માએ હવે રાજાને કહ્યું, 'સાત કરોડ રૂપિયાની તમારી ઊપજ છે તોપણ તમારી તૃષ્ણા ન મટી, એટલે તમે ભિખારી નહિ તો શું છો ?' **શાસ્ત્રોમાં કહ્યું છે કે જે ઘણી તૃષ્ણાઓવાળો છે તે દરિદ્ર કહેવાય.** માટે મારા શિષ્યે તો બરાબર સમજીને જ તમારી પાલખીમાં સોનામહોર નાખી છે, એટલે એ મૂર્ખ નથી.'

ગુરુશ્રીની આવી વાણી સાંભળીને રાજાને વિવેક ભાન થયું. મહાત્માને ફરી વંદન કરીને માફી માગી. પોતાના લશ્કર-રસાલાને પાછો મોકલીને થોડાક દિવસો મહાત્માના સત્સંગમાં જ રોકાઈ ગયા અને જ્ઞાન સંપાદન કર્યું.

**(૨) દાંડી પીટનાર બહેરો મૂંગો :**

નગરમાં રાત્રે દાંડી પીટવાનો વારો આજે એક કોળીનો હતો. એને અગત્યના કામે બહારગામ જવાનું થતાં એણે પોતાના યુવાન બહેરા મૂંગા દીકરાને ઇશારાથી બધું સમજાવીને આ દાંડી પીટવાનું કામ સોંપ્યું. રાત્રે તૈયાર થઈ દાંડી પીટવા એ બહેરો મૂંગો છતાં જ્ઞાની જેવાએ જતાં જતાં

વિચાર કર્યો કે હંમેશાં રાત્રિના અંધકારમાં ચોરોથી જાગૃત રહેવા દાંડી પિટાય છે પણ આજે રાત્રે હું કામક્રોધાદિ ચોરોથી જાગ્રત રહેવા માટે જ્ઞાનોપદેશ રૂપી દાંડી પીટીશ.

રાત્રિના પ્રથમ પ્રહરે દાંડી પીટતાં પીટતાં તેણે પોકાર્યું :

**'પ્રાણીઓ-લોકો સૌ આશામાં બંધાય છે અને કર્મથી વિશેષ બંધાય છે, પરંતુ પળેપળ થતા આયુષ્યક્ષયને જાણતા નથી, જાગો, જાગો.'**

બીજા પ્રહરે બીજો શ્લોક ઉચ્ચારતાં તેણે કહ્યું, **'જન્મ દુઃખરૂપ છે, વૃદ્ધાવસ્થા દુઃખમય છે. સ્ત્રી પણ દુઃખનું કારણ છે અને અંતકાળે મૃત્યુ પણ દુઃખરૂપ છે, માટે જાગો, જાગો.'**

આ વખતે રાજા જાગતા હોવાથી સમજી ગયા કે આ કોઈ સામાન્ય દાંડી પીટનાર હોય નહિ, કોઈ જ્ઞાની-યોગી જેવો જણાય છે.

ત્રીજા પ્રહરે દાંડી પીટતાં પીટતાં ત્રીજો શ્લોક બોલતાં એણે કહ્યું :

**'કામ, ક્રોધ, લોભ તથા મોહ વગેરે ચોરી આ શરીર રૂપી રત્નની ચોરી કરવા માટે છુપાઈ રહ્યા છે, માટે જાગો, જાગો.'**

આ પણ રાજાએ ધ્યાનપૂર્વક સાંભળ્યું. ચોથો પ્રહર થતાં દાંડી પીટતાં પીટતાં ચોથો શ્લોક બોલતાં એણે કહ્યું, **'ઐશ્વર્ય-સંપત્તિ સ્વપ્ન સમાન છે. યૌવન ખીલેલા પુષ્પની જેમ ખરી પડનાર છે. આયુષ્ય ક્ષણિક અને ચંચળ છે, માટે જાગો, જાગો.'**

આ ચોથો છેલ્લો શ્લોક સાંભળીને રાજાએ નિશ્ચય કર્યો કે સવારમાં આ મહાત્માનાં દર્શન કરવાં જવું. બીજે દિવસે સવારમાં રાજાએ દાંડી પીટનારના ઉપરીને બોલાવીને પૂછ્યું કે 'ગઈ રાતે દાંડી પીટવાનો કોનો વારો હતો.' ઉપરીએ તો એ કોળીનું નામ દીધું. રાજાએ કહ્યું, 'ના, કોઈ બીજો હતો, બરાબર તપાસ કરો.' ઉપરી તો એ કોળીને રાજા સન્મુખ તેડી આવ્યો. એ તો ગભરાયો, આજીજી-પૂર્વક કહ્યું કે, 'એને અચાનક પરગામ જવાનું થતાં એણે પોતાના બહેરા મૂંગા દીકરાને દાંડી પીટવા મોકલ્યો હતો.'

રાજા એ કોળી સાથે જ એને ઘેર ગયો. એ બહેરા મૂંગા કોળીના દીકરાને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી કહ્યું, 'પ્રભુ, હું આપને શરણે આવ્યો છું, મને ઉપદેશ કરો.'

**સંદર્ભ સંકેત :**

આ દૃષ્ટાંત કથાની પૂર્વ ભૂમિકા એમ છે કે એ બહેરો-મૂંગો યુવક પૂર્વજન્મમાં એક સંન્યાસી હતો. શિષ્યો સાથે પ્રવાસમાં હતો ત્યારે એવી તરસ લાગી કે પ્રાણ કંઠે આવી ગયા. આજુબાજુમાં ક્યાંય પાણી દેખાતું ન હતું, એટલે થોડે દૂર જઈ કોળીવાસના એક ઘરમાંથી શિષ્યો પાણી લઈ આવ્યા. ગુરુએ પાણી પીધું અને શિષ્યોએ તો સાચી વાત જણાવી. એ સાંભળતાં જ ગુરુનું પોતે બ્રાહ્મણ હોઈ કુળાભિમાન ભભૂકી ઊઠ્યું. જ્ઞાનદશામાં આ એક જ આવરણ-કુળાભિમાન બાકી હતું. ક્રોધના આવેશમાં જ તેમનું મૃત્યુ થતાં, બહેરા-મૂંગા કોળી પુત્ર તરીકે તેઓ જન્મ્યા.

'સ્વામી પ્રકાશાનંદજી : ધર્મલાપ', પૃ. ૧૦૩-૧૦૪ સંકલિત ❑

**એક ખાસ વિનંતી**

'હરિભાવ'નો અંક ન મળ્યા અંગે, સરનામાના ફેરફાર વગેરે બાબતે શ્રી સુરેશભાઈ વૉરાનો મો. નં. ૯૪૨૭૫૫૪૩૯૧ ઉપર જ સંપર્ક કરવા વિનમ્રભાવે ખાસ વિનંતી છે.

**-સંપાદક**

## (૭) કલ્પનાતીત અનુભવો

**શ્રી નાનુભાઈ ભટ્ટ**

૧૯૪૩ના ફેબ્રુઆરીની ૨૨મી તારીખે ત્રિચિનાપલ્લીમાં પૂજ્ય શ્રીમોટાનાં મને પ્રથમ દર્શન થયાં. તે વખતે ૧૯૪૨ની ચળવળના ભાગેડુ માણસ તરીકે હું કેરાપટીમાં પૂ. શ્રી નંદુભાઈને ઘેર હતો. પત્રવ્યવહાર પર સરકારની નજર રહે એટલે ઘરના કોઈ સમાચાર મને મળે નહિ. એક દિવસ હેમંતભાઈ અમદાવાદથી સમાચાર લાવ્યા કે મારાં મોટાં બહેન ગુજરી ગયાં. આ બહેન માટે મને ઘણી લાગણી. મારા પર એ બહેન પણ ઘણું હેત રાખે. એટલું હું એ સમાચાર સાંભળી રડી પડ્યો. એટલે મોટા કહે, ‘ભાઈ રડવાથી શું વળે ?’ મેં કહ્યું, ‘મોટા, એમ થાય છે કે હું અમદાવાદ હોત તો એને મળી તો શકાત !’

મોટા બોલ્યા, ‘તારે મળવું જ છેને ? તો મળી શકાશે.’

આટલા દુઃખમાં પણ મને મનમાં હસવું આવ્યું, કે ‘આ કેવી બેહૂદી વાત છે ! આવું તે વળી બનતું હશે ?’

પણ ખરેખર એવું બન્યું. ૧૯૪૪ના મે-જૂન માસમાં મોટા મને તેમની સાથે કુંભકોણમ્ લઈ ગયા. હું ત્યાં મૌનરૂમમાં બેઠો. પહેલે દિવસે જ મોટાના ફોટા આગળ મને મારાં બહેન દેખાયાં. ત્યાર બાદ સતત ત્રણ દિવસ સુધી રાતના તે મારી પાસે આવ્યાં અને મારા ઘર છોડ્યા પછી જે બનાવો અને હકીકતો મારે ઘેર બનેલી તે મને કહી. આ બનાવની મારા પર એટલી તો જબરજસ્ત પકડ હતી કે ૧૯૪૬માં હું જ્યારે ઘરે ગયો ત્યારે એ હકીકતો મેં ચકાસી જોઈ તો એ સાચી નીવડી.

એ જ સમયગાળાનો બીજો એક વેધક અને આશ્ચર્યચકિત કરી મૂકે એવો અનુભવ પણ મને થયો. તે વખતે પૂ. નંદુભાઈએ મને મોટાના પત્રોની નકલો કરવાનું કામ સોંપેલું. આ પત્રોમાં એવી પણ વાતો આવતી કે આપણા માન્યામાં ન આવે. આથી પૂજ્ય મોટાની વિરુદ્ધમાં અનેક તરંગો મારા મનમાં ઊઠતા. આમ છતાં હું એમના સૂચવ્યા અનુસાર હરિઃૐનો જપ તો કર્યા જ કરતો. એક દિવસ એક પત્રમાં એવી વિગત આવી કે મને તે બિલકુલ ખોટી લાગી. પૂજ્ય મોટાએ એક બહેનને પત્રમાં લખેલું, ‘તારા પ્રત્યેના મારા દિલના તાદાત્મ્યને કારણે તારા માસિક અટકાવના દુઃખનો અનુભવ હું કરી રહ્યો છું.’ મને વિચારો આવવા લાગ્યા કે કોઈ પુરુષને સ્ત્રીની માફક અટકાવ તે વળી આવતો હશે ? કેવી બનાવટની વાત ! બીજા પર પ્રભાવ પાડવાની સહેલી રીત ! આવો વિચાર જાગ્યો. મારું લખવાનું કાર્ય પતાવી નિત્ય નિયમ મુજબ બંગલાની પાછળના કંપાઉંડમાં આવેલા કૂવામાંથી પાણી કાઢી હું હોજમાં નાહવા પડ્યો. આ સમયે પણ પેલા વિચારો મનમાં ઘોળાયા કરે. હું બિલકુલ વસ્ત્રવિહીન દશામાં નાહતો હતો. તે વખતે મારી ઉંમર ૧૯ વર્ષની. સ્વભાવ પણ અલ્લડ. નાહવા પડ્યો તો ખરો પણ પાણીમાં માથું બોળીને બહાર કાઢતાં કાઢતાં મારો શ્વાસ રુંધાઈ ગયો. હું પુરુષ મટીને સ્ત્રી બની ગયો અને તે પણ ગર્ભવતી-છેલ્લા દિવસોવાળી. હું ગભરાઈ ગયો, ‘શું થશે ?’ ટુવાલ વીંટી બહાર નીકળ્યો ત્યારે પણ એમ જ લાગે. મને થયું, ‘ડૉક્ટર બોલાવવો પડશે. બધાં શું સમજશે ?’ પૂજ્ય નંદુભાઈનાં પત્ની શ્રી કાંતાબહેને પણ મને પૂછ્યું, ‘શું થયું છે ?’ પણ હું શું જવાબ આપું ? થોડો સમય પસાર થતાં મને જણાયું કે મારી સ્થિતિ બદલાઈ. હું મૂળ સ્વરૂપમાં મને દેખાયો. આવું કેમ બન્યું ? આ વખતે પૂજ્ય મોટા કરાંચીમાં હતા. બીજે કે ત્રીજે દિવસે એમનો મારા પર પત્ર આવ્યો. ‘ભાઈ ! જે ના

**(અનુસંધાન પૃ. ૨૦ પર)**

## (૮) મનના ચોકીદાર બનવું જરૂરી છે

**શ્રીમોટા**

મનના તરંગો અને મનના ગમા-અણગમા અનેક પ્રકારના હોય છે.

ચીડ, અકળામણ, સંતાપ, ત્રાસ, ક્લેશ, કંકાસ, મૂંઝવણ, ગૂંચ, મુશ્કેલી, ઉપાધિ, દુ:ખ, કામ, ક્રોધ, લોભ, મોહ અને એવું બજું અનેક સંસારના વહેવારના પ્રસંગોમાં બન્યા જ કરવાનું. મનને ગમે કે ન ગમે કે ન રુચે તેવા પ્રસંગથી-બનાવથી મનની ગતિ આડીઅવળી ન થાય તે જોવાનું કામ આપણે કરવાનું છે. **આપણે મનના જીવતાજાગતા ચોકીદાર બનવું પડશે.** હાર થાય તેનો વાંધો નથી પરંતુ હારમાંથી જે શીખે છે, હારમાંથી જીતવાની ચાવી મેળવે છે તે સાચો સેનાપતિ છે.

યુદ્ધ માંડ્યું એટલે જીત જ થાય એવું કશું નથી. જન્મથી જ જે ભક્તિ લઈને અવતરે છે એણે પણ મનને તો જીતી લેવું પડશે. પ્રમભક્તિમાં એને વારંવાર રસ લેવડાવીને એમાં તરબોળ બનાવીને સાચા મનને આપણે જીવતું કરવાનું છે. એવા ઊર્ધ્વગામી મનની તાકાત અપરંપાર છે.

જીવ સ્વભાવનું મન તો અવિદ્યાનું મન છે. તેમાં પણ શક્તિ રહેલી છે. તે શક્તિની મદદ જો આપણને ખરેખરી તમન્ના જાગે તો મળી શકે છે. મનની શક્તિનું જ્ઞાનભાન જો પ્રગટી જાય તો મન ઘણી ઘણી મદદ કરે છે. મન શત્રુ પણ છે ને મિત્ર પણ છે. આપણે એને મિત્ર બનાવી દેવું પડશે. એકવાર તે પૂરેપૂરું સાચું મિત્ર બની જાય તો પછી આપણને તે દગો દેતું નથી તેમ છતાં ત્યાં પણ આપણે સાવધાની, જાગૃતિ, તટસ્થતા જીવતી રાખ્યા જ કરવાની છે. મન તેવું થાય તે પહેલાં તો ભગવાનની ભક્તિમાં એકરસ થઈ જવું પડશે.

સંસારવહેવારમાં આપણને મનમાં અમુક પ્રકારની વૃત્તિ થઈ-ધારો કે અમુક ઠેકાણે જવું છે- તો ત્યાં જવાની આપણી ગતિ થવાની. જો ભગવાનને માર્ગે જવું છે, એવી સાચી, પૂરી વૃત્તિ થઈ હોય તો એમાં ગતિ થાય. જો એમ ન થાય તો જાણવું કે આપણને હજી ખરેખરી વૃત્તિ થઈ નથી. તો તેવી વૃત્તિ જગાડવામાં આપણે પ્રયત્નશીલ રહ્યા કરવું.

**ભગવાનને માર્ગે જવું એ કઠણ માર્ગ છે.** પરંતુ વૃત્તિ જો જાગી જાય તો તેના જેટલી કોઈ સરળ બાબત નથી. એટલે મનના કે બુદ્ધિના બીજા બધા પ્રશ્નો મૂકીને વૃત્તિને શ્રીભગવાનનાં જ ચરણકમળમાં વારંવાર સોંપ્યા કરવી. એમાં સાચો પુરુષાર્થ રહેલો છે. એમ થતાં ચેતનાશક્તિ મદદ કર્યા કરે છે. એવા અનુભવ કાલ્પનિક નથી કે માની લીધેલા નથી પણ વાસ્તવિક છે.

જ્યારે આપણી દાનત ભગવાનને માર્ગે જવાની પાકી બને છે, ત્યારે મનની સાથે લડત નથી કરવી પડતી એવું તો નથી જ. પરંતુ તે વેળા **આપણા નિશ્ચયબળ આગળ મનનું બળ હારી જાય છે.** જો વારંવાર આપણી હાર થતી અનુભવાય તો જાણવું કે હજી મનની દાનત પાકી નથી. શરીર તૂટી પડે તો ભલે પણ મનનાં અધોગામી વલણોને તો કદી તાબે ન થવું. એ પાકો મરણિયો નિર્ધાર કરીને સતત જાગ્રતિ રાખ્યા કરીએ.

'જીવન મંડાણ', બી. આ., પૃ. ૧૬૫ ❑

## (૯) અંતર્મુખતા બુદ્ધિમાં સમતા પ્રગટાવે છે

શ્રીમોટા

આપણે બધાં તો સામાન્ય જીવો છીએ. હૃદય એટલે શું તેની તો આપણને કશી જ ગતાગમ નથી. જે તે કંઈ આવી પડે છે તેનો ઉકેલ આપણે આપણી બુદ્ધિ વડે કરતાં હોઈએ છીએ. અને બુદ્ધિ તો ગમા, અણગમા, મતો, સમજણો, આગ્રહો વગેરે તેમાં સ્થૂળપણે તેમ જ સૂક્ષ્મપણે રહેલાં જ હોય છે. એ બુદ્ધિમાં સમતા, સ્વસ્થતા પ્રગટેલી નથી.

કોઈ પણ માર્ગ પરત્વેનું યોગ્ય અને તટસ્થ રીતનું હાર્દ મેળવવા કાજેનું જાણવાનું કરવું હોય, તો તે પ્રેમભક્તિથી રંગાયેલી બુદ્ધિ દ્વારા જ થઈ શકે. **બુદ્ધિ એ શક્તિ સ્વરૂપ છે.** માનવીના આધારમાં દિવ્ય શક્તિનું તે પ્રથમ કરણ છે. બધાં કરણોમાં તે વધારેમાં વધારે સૂક્ષ્મ છે. આ માટે જ હાર્દ જાણવા કાજે બુદ્ધિમાં સમતા પ્રાપ્ત કરી લેવી જોઈશે.

એટલા જ કાજે સાધકે પોતાના જીવનની સમસ્યાઓનો ઉકેલ બુદ્ધિના નિર્ણય કરતાં હૃદયમાંથી તેનો ઉકેલ મળ્યા કરે તે કાજે સાધકે અંતર્મુખતા વધારે ને વધારે કેળવ્યા કરવાની રહે છે. આપણી ઇંદ્રિયો, મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ આદિ કરણો પણ બહિર્મુખી છે. ઇંદ્રિયો, બહિર્મુખતાના વિષયમાંથી મુક્ત થઈને જ્યારે અંતરમાં વિચરવાનું કર્યા કરે, ત્યાં તે ટક્યા કરે, ત્યારે તે અંતર્મુખતા કહેવાય.

**અંતર્મુખતા જેમ જેમ કેળવાઈને જીવતી બન્યા કરે, તેમ તેમ બુદ્ધિમાં સમતા આદિ પ્રગટ્યા કરે.** ત્યારે જ મન, પ્રાણ અને બુદ્ધિની શુદ્ધિ સર્વ પ્રકારે થયા કરે. સાધનામાં સર્વ પ્રકારની શુદ્ધિની અનિવાર્ય જરૂરિયાત હોય છે, પરંતુ એના પરત્વે કોઈ જ લક્ષ આપતું નથી.

શ્રીભગવાનના ચેતન પરત્વેની પ્રેમલક્ષણાભક્તિ પ્રગટે તો તેના તેવા પ્રગટેલા ભાવથી પણ કરણોની શુદ્ધિ આપમેળે થયા કરે છે. આપણે બધાં હાલી નીકળેલાં છીએ, ચેતનનો અનુભવ કરવા, પણ એની લાયકાત કેવી હોય તે અંગેનું કામ તો આપણે ખાઈખપૂસીને પૂરેપૂરું કરવું નથી.

જીવની બહિર્મુખતા ટાળવા કાજે આપણે પ્રેમભક્તિજ્ઞાનપૂર્વક નામસ્મરણની ભાવનામાં સતત રહેવાનો અભ્યાસ કર્યા કરીએ અને ઇંદ્રિયો અને કરણોનાં હલનચલન-ગતિ સાક્ષી થઈને નિહાળ્યા કરીએ અને એમનાં આડાંતેડાં વલણ પરત્વે જાગૃત રહીને, તે તે વેળા તે તે બધું શ્રીપ્રભુને ચરણકમળે સમર્પણ કર્યા કરવાનો અભ્યાસ કેળવીએ તો જ સાધકનું કામ બન્યા કરે.

આ ઉપરાંત એવા સમયે તેવાં તેવાં ઇંદ્રિયો ને કરણોને યથાર્થ રાખી શકવાને હૃદયમાં હૃદયથી પ્રાર્થના કર્યાં કરીએ તો જ સાધનાનું કામ બન્યાં કરે.

**સાધકને કાજે પ્રાર્થના એ મોટામાં મોટું સાધન છે.** પ્રાર્થનામાંથી અખૂટ બળ ને અતૂટ શક્તિ મળ્યાં કરે છે એવો અનેકનો અનુભવ છે. એમનું એમ તો કશું જ થઈ શકતું નથી.

આપણે મન કર્મની મહત્તા નથી. ભાવનાને દૃઢતર થવાવાને કાજે કર્મ તો તેવી ભૂમિકા કેળવવા કાજેનો યજ્ઞ છે. ભાવનાને ઘડાવાને, આકાર લેવાને કાજે કર્મ તો અમૂલ્ય અવસર છે. કર્મમાં આપણાં કરણો કેવી રીતે વર્ત્યા કરે છે તેનો જ્ઞાનપૂર્વકનો અભ્યાસ સાધકે કરતા રહેવાનો છે અને તે સાથે કરણોને ક્યાં કેમ વાળવાં તેની પણ જાણકારી હોવી ઘટે.

'જીવન સોપાન', બી. આ., પૃ. ૨૨૩ ❑

## (૧૦) સર્વપ્રિય શ્રીમોટા

**અજ્ઞાત**

એક મિત્રે પૂજ્યશ્રી મોટાનો 'જીવન્મુક્ત' તરીકે નિર્દેશ કરેલો અને થોડા વખતમાં મુંબઈ પધારવાના હોઈ મળવા જણાવેલું. પહેલી મુલાકાત શ્રી હસમુખભાઈને ત્યાં થઈ. તેમની સાથે ગીતા વિશે વાર્તાલાપ થયો. સાથે જમવાનો પણ લહાવો મળ્યો. કુંભકોણમ્‌થી પાછા ફરતાં મુંબઈ એકવાર મોટા અમારે ત્યાં જમવા પધાર્યા. ફેક્ટરીમાં અમારે ત્યાં પહેલી વાર પધારેલા ત્યારે અમે મુશ્કેલીઓમાં ગળાબૂડ હતા. અમે પૂજ્યશ્રી મોટાની મુલાકાતનો ઉત્સવ મનાવેલ.

પૂજ્યશ્રી પપ્પા-સ્વામી રામદાસ મને બાથમાં લે, મારે ત્યાં જમે. આવી અપૂર્ણ રહેલી મનોકામના જ્યારે મોટાએ પૂર્ણ કરી ત્યારે ખાતરી થયેલી કે મોટાએ પપ્પાનું જ સ્વરૂપ છે. સર્વ 'એ'ના જ સ્વરૂપ છેને !

ઈશ્વરના શબ્દો એટલે કે શાસ્ત્રો અને ઈશ્વરના દૂતો એટલે સંતો. સંતો એકાંતની અગત્ય પર ઘણો ભાર મૂકે છે. હાલના ધમાલિયા જીવનમાં એકાંત શોધવું ઘણું કઠિન છે. પૂજ્યશ્રીએ શરૂ કરેલાં મૌનમંદિરો એ જરૂરિયાત પૂરી પાડે છે. સૌથી પહેલાં તો કૂતુહલ વૃત્તિથી પ્રેરાઈ સુરત મૌનમંદિરમાં બીજાને થયેલા અનુભવો વાંચી આપણને પ્રતીતિ થાય છે કે જરૂર આ મૌનમંદિરમાં મોટાની કોઈ અન્ય શક્તિ સ્થાપિત થયેલી છે. જે સતત કાર્ય કરતી રહે છે. ખુલ્લી હવા બે કલાક પણ ન મળે તો મારું માથું ચડે ! પણ મૌનમંદિરમાં ખુલ્લી હવા ન હોવા છતાં મને માથાના દુઃખવાની કોઈ ફરિયાદ થયેલી નહિ. દર વખતે એવા નિશ્ચયથી મૌનમંદિરમાં પગ મૂકતો કે સ્મરણના આશ્રયે મૌન રૂમમાં રહેવું. પણ દઢતાની ખામીને લઈ મોટાનાં પુસ્તકોનો આશ્રય મારે લેવો પડેલો.

મોટા જે કામ હાથ પર લે તેમાં પૂરા ઓતપ્રોત થઈ જાય, તેની પાછળ પોતાનું બધું જીવન બળ રેડી દે છે અને તેથીયે વધુ અગત્યનું એ કે તેમના દરેક કાર્ય પાછળ ભાવનાની જ્યોતિ સદાય ઝળહળતી રહે. આ કાર્ય પછી અભ્યાસ હોય, કે સેવા હોય કે પોતા પર આવી પડેલી ફરજ હોય, હરિજન સેવાનાં કાર્યમાં કંઈ બાકી રાખ્યું નહિ. ઉપરથી ઉપાસની બાબાની સેવાનો પ્રસંગ આવ્યો ત્યારે બધા અંતરાય દૂર કરી તેમનું અંતર જીતી લીધું અને તેમને આશ્રમે આવવાનું નિમંત્રણ મેળવ્યું. તેમના આશ્રમે ગયા ત્યારે બાબાએ કેવી કપરી કસોટી કરી શુદ્ધિ બક્ષી ! જ્યારે ગુરુમહારાજ ધૂણીવાળા દાદાથી સર્વ કોઈ ડરતા ત્યારે તેમણે તેમની સેવાની એક પણ તક જવા ન દીધી. કરાંચીમાં ફકીર સાથેની ચકાસણીમાંથી પાર ઉતરી ધ્યાનની પ્રક્રિયાની શીખ મેળવી. ૧૯૪૨ની ચળવળ દરમિયાન હરિજન સંઘના ફંડ માટે, પોલીસના માર અને પોતાની તબિયતની પરવા કર્યા વગર પગે ચાલી સારું એવું ફંડ એકઠું કરી ઠક્કરબાપાને આશ્ચર્યચકિત કરી દીધા. ફંડ માટે બોગસ રકમ લખાવનાર શેઠને પોતાની ધીરજ, સહનશક્તિ અને નમ્રતા વડે જીતી ખરેખર રકમ મેળવી. આ બધામાં તેમનાં ખંત, ધીરજ, સહનશક્તિ અને નમ્રતા બહાર આવેલાં છે. **સર્વ સાથે સદ્‌ભાવ, સર્વનો સહકાર અને સર્વનો**

**સદુપયોગ તેમનાં વિશિષ્ટ લક્ષણો છે.**

આપણો મોટામાં મોટો શત્રુ દંભ અને અહંકાર છે. પણ પૂજ્યશ્રીનું જીવન નાનપણથી જ સરળ, નિખાલસ અને નિરભિમાની રહેલ છે. સાધનાપથ પર હોવા છતાં તેમના અંગત મિત્રો કે સહકાર્યકર્તાઓ પણ તેમની સાધનાથી વર્ષો સુધી અજાણ હતા.

સંત એટલે પ્રેમનો અવતાર. સમાગમમાં આવનારને પૂજ્યશ્રી પ્રેમથી નવડાવી દે છે. આપણે એ પ્રેમનો ઉત્તર દઈ શકતાં નથી. મોટા આપણને મળે છે ત્યારે કેટલા વહાલથી મળે છે ! તેમની આંખો ભીની થઈ જાય છે. પણ આપણે તો ઠંડાગાર, જડ લાકડા જેવા જ હોઈએ છીએ. આપણે એમા પ્રેમનો પડઘો પાડી શકતાં નથી. આપણા હૃદયમાં પ્રેમની નિષ્પત્તિ થવાને માટે ભૂમિકા જોઈએ. પૂજ્યશ્રી આપણામાં પ્રેમ પ્રગટે તે માટે જ તલસે છે. આવા પ્રેમના તે ભૂખ્યા છે. મોટા કહે છે કે સાધકનો ગુરુ પ્રત્યેનો પ્રેમ જ તેનો તારક બને છે. સંત તરીકે તેમને ઓળખવા એ આપણું ગજું નથી. પણ આપણામાંથી ઘણાએ આપણા કુટુંબના 'મોટા' તરીકે મુરબ્બી તરીકે જાણ્યા છે. આપણા વડીલ તરીકે, આપણા મિત્ર તરીકે આપણી દેખભાળ લે છે.

તેમની ઉત્કટ ઇચ્છા છે કે સ્વજનો પોતાનો વિકાસ કરે, ઘરેડમાંથી બહાર આવી જીવનના ઉદ્દેશ ભણી સજાગ બને, જીવનલક્ષ્ય અદા કરવામાં લાગી પડે. આપણે તે ઇચ્છા પૂર્ણ કરીએ એ જ પ્રાર્થના.

'જીવનસ્ફુલિંગ', પ્ર. આ., પૃ. ૨૫૬ ❑

**(અનુસંધાન પૃ. ૧૯નું ચાલુ)**

સમજાતું હોય તે સમજવાનો પ્રયત્ન કરવો અને છતાં ના સમજાય તો **પ્રત્યાઘાતી વિચાર ન કરવા.** આવા સમયે જે અનુભવ થાય તેને અંતરમાં ઉતારવો અને ઈશ્વરની અનુભૂતિ ને નક્કરતામાં વધારો થાય તે માટે હૃદયમાં તે સચોટ કર્યા કરવો.' આ બનેલા બનાવનો પત્ર હજુ મેં શ્રીમોટાને લખ્યો ન હતો અને પત્ર લખું તો તે સમયે દક્ષિણ ભારતમાંથી કરાંચી પહોંચતાં ઓછામાં ઓછા ચાર દિવસ થાય અને જવાબ આવતાં પણ એટલા જ દિવસો થાય, પરંતુ તે પહેલાં જ મને તેમના તરફથી ખુલાસો મળી ગયો !

આ અનુભવો કોઈ સાચા ન માને એવું પણ બને, પરંતુ મારે માટે તે નક્કર હકીકતો છે. એની બહુ અગત્ય પણ નથી. અગત્યનું તો એ છે કે ઉત્તરોત્તર એમણે મને જીવનમાં ઘડ્યો છે. એમની પ્રત્યે અન્યથા ભાવ ઘણીવાર અનુભવતો હોવા છતાં એમની પ્રતિમાનાં દર્શનથી પણ શાંતિ અનુભવાય છે.

તેઓ જબરજસ્ત રીતે સ્નેહથી નવડાવે છે. છતાં મને અફસોસ છે કે મારાથી મારી જીવનની ઘરેડ છોડી શકાતી નથી. મારી ધંધાદારી મૂંઝવણ પણ એમના સ્મરણમાત્રથી મટતી મેં અનુભવી છે. **તેઓ મારી સંકટ સમયની સાંકળ જેવા છે.** મને લાગ્યા કરે છે કે તેઓ મારું સાંનિધ્ય છોડતા નથી. હમણાં થોડા વખત પહેલાં પણ સ્વપ્નમાં મેં મારી ઉપાસનાની ૧૯મી ગાથા કરવામાં જે મંદતા અનુભવી તેની યાદ એમણે અપાવી. હું મળું ત્યારે મને કહે, 'કાંતિ (મારા ઘરનું નામ) તું ક્યાં ભટકે છે ? કયા અંધારામાં તું ખોવાઈ ગયો છે.' આ વાક્યો મારી હાલની સ્થિતિ વિશે સભાનતા પેદા કરવા પૂરતાં છે.

'સ્મૃતિગ્રંથ', પ્ર. આ. પૃ. ૨૧૦ ❑

## (૧૧) 'હરિવાણી ટ્રસ્ટ'ને મળેલ દાન-ભેટ

-સંપાદક

| ક્રમ | સર્વેશ્રી નામ | ગામ | રકમ રૂ. |
| --- | --- | --- | --- |
| ૧. | પૂજ્ય શ્રીમોટાના સાક્ષાત્કારદિનના ઉત્સવ નિમિત્તે 'હરિભાવ'ના રાહત દરે આજીવન ગ્રાહક ૧૩૦ થતાં રૂ. ૧૦૦/-લેખે સહયોગ હસ્તે શ્રીમતી મૃદુલાબહેન કે. છત્રપતિ અને શ્રી બિરેન કે. છત્રપતિ (ઉત્સવના યજમાન પરિવાર) | સુરત | ૧૩,૦૦૦/- |
| ૨. | સદ્‌ગત પિતાશ્રી કીકાભાઈ બી. પટેલની પુણ્યતિથિ (૧૦-૫)ની સ્મૃતિમાં જ્ઞાનદાન હસ્તે સમીરભાઈ કે. પટેલ | અમેરિકા | ૧૧,૧૧૧/- |
| ૩. | શ્રીમતી લલિતાબહેન રામભાઈ પટેલ | અમેરિકા | ૧૧,૧૧૧/- |
| ૪. | શ્રીમતી નીતાબહેન રમેશભાઈ પટેલ | અમેરિકા | ૬,૦૦૦/- |
| ૫. | સુધીરભાઈ મોહનભાઈ દલસાણીયા | સુરત | ૫,૦૦૧/- |
| ૬. | ઈન્દ્રવદન મોહનલાલ ગાંધી જન્મદિન (૨૭-૫-૧૯૩૦) નિમિત્તે | અંકલેશ્વર | ૫,૦૦૦/- |
| ૭. | સદ્‌ગત જીવનસાથી ડૉ. મધુસૂદન આર. દેસાઈની પુણ્યસ્મૃતિમાં હસ્તે જયાબહેન દેસાઈ | અમદાવાદ | ૫,૦૦૦/- |
| ૮. | દીકરીનાં લગ્ન નિર્વિઘ્ને સંપન્ન થયાં નિમિત્તે હસ્તે મંજુલાબહેન ડી. પટેલ | માંડવી(સુરત) | ૫,૦૦૦/- |
| ૯. | પૌત્ર ચિ. શ્લોક તેજસકુમાર પટેલના (૨૪-૪-૨૦૧૪) અને પૌત્રી ચિ. પ્રેયશી નિકેશકુમાર પટેલના (૩૦-૫-૨૦૧૪) જન્મદિન નિમિત્તે હસ્તે નરોડા નિવાસી શ્રીમતી કુસુમબહેન અશોકભાઈ પટેલ પરિવાર | અમેરિકા | ૨,૨૦૦/- |
| ૧૦. | સદ્‌ગત માતુશ્રી પુષ્પાબહેન દલાલની પુણ્યસ્મૃતિમાં (૧૫-૫) હસ્તે શ્રીમતી લતાબહેન અનિલભાઈ શાહ | મુંબઈ | ૨,૧૦૦/- |
| ૧૧. | દિલીપભાઈ દવાવાળા | સુરત | ૨,૦૦૧/- |
| ૧૨. | સદ્‌ગત ધર્મપત્ની આનંદીબહેનની બીજી પુણ્યતિથિ નિમિત્તે હસ્તે ઠાકોરલાલ મોહનલાલ વ્યાસ | નરોડા | ૨,૦૦૧/- |
| ૧૩. | ગોરધનભાઈ એમ. પટેલ | નરોડા | ૧,૧૦૦/- |
| ૧૪. | સદ્‌ગત પિતાશ્રી મોહનલાલ દેસાઈ (વૈદ્ય)ના સ્મરણાર્થે હસ્તે પ્રવીણભાઈ દેસાઈ | સુરત | ૧,૦૦૧/- |
| ૧૫. | જિગર એન. તમાકુવાળા | સુરત | ૧,૦૦૧/- |
| ૧૬. | જનાર્દનભાઈ ભટ્ટ | ગાંધીનગર | ૧,૦૦૦/- |
| ૧૭. | કોરડીયા પરિવાર | જયપુર | ૧,૦૦૦/- |
| ૧૮. | મીતેષ (કાનો)ની પ્રથમ પુણ્યતિથિ (૧૫-૫) નિમિત્તે હસ્તે દયાબહેન વીરજીભાઈ ચૌહાણ | સુરત | ૫૧૧/- |
| ૧૯. | પુત્ર ચિ. રોનક (લંડન)ના જન્મદિન નિમિત્તે હસ્તે જ્યોતીન્દ્ર મહેતા | અમદાવાદ | ૫૦૧/- |

**(અનુસંધાન પૃ. ૨૪ પર)**

## (૧૨) ગણેશપૂજાનો મહોત્સવ

નટુભાઈ ઠક્કર

સંસ્થાઓ રચાતી હોય છે. સંસ્થાઓ રઝળતી હોય છે. સંસ્થાઓ બને છે. સંસ્થાઓ બગડે છે.

એક...એક ડગલું કરીને નિર્માણ થયેલી સંસ્થાઓ વિકસતી વિકસતી એની ટોચ પર ચડીને નામ કાઢતી હોય છે. એનાં તેજ પ્રસરે છે એના અનુભવી અને નિષ્ઠાવાન સંચાલકો દ્વારા.

સ્થાપકો સંસ્થા સ્થાપે છે. અનેક અરમાનો સાથે એ સંસ્થાઓ સ્થાપતા હોય છે. પછી એ સંસ્થામાં કાર્યકરો આવે છે, વહીવટદારો આવે છે, દાતાઓ આવે છે, સેવકો આવે છે અને એ સહુના સહિયારા પુરુષાર્થથી સંસ્થાનાં તેજ ખીલતાં હોય છે.

ખીલે છે સંસ્થાઓનાં તેજ. યશસ્વી ગાથાઓ રચાય છે એની.

નામ બહાર આવે છે, ખ્યાતિ-પ્રખ્યાતિ પામે છે સંસ્થાઓ. પછી એની નામના ચારેકોર ફેલાય છે. મહેકી ઊઠે છે સંસ્થાઓ. પાયામાં દટાયા હોય છે એના સ્થાપકો, કાર્યકરો અને એના ટોડલા શોભી ઊઠે છે.

શોભી ઊઠે છે ટોડલા.

દટાયા છે પાયામાં.

પુરાતા પાયાના ચણતરમહીં પથ્થર થવું...એમ અનેક ત્યાગી માનવીઓના પુરુષાર્થ અને આયાસથી ચારેતરફ નામના બંધાય છે સંસ્થાઓની.

વર્ષોનાં વર્ષો આ સંસ્થાઓ ચાલે છે. એમાં બેઠેલી વ્યક્તિઓ પણ પછી સંસ્થાઓના નામે ઓળખાય છે. તો કેટલીક સંસ્થાઓ એના પાયામાં પુરાયેલી વ્યક્તિઓના નામે ઓળખાય છે.

એવી જામેલી એક સંસ્થા. ખૂણે-ખૂણે એનું નામ.

એના સ્થાપકે સંસ્થાને સમેટી લેવાની જાહેરાત કરી. એ જાહેરાત ઘરના ખૂણે કે એ સંસ્થાની દીવાલો વચ્ચે નહિ પણ પંથકના અખબારોમાં એક સમાચારરૂપે એ સંસ્થાની નોટિસ પ્રગટ કરવામાં આવી. જેમાં એવી સ્પષ્ટ જાહેરાત હતી કે-'જો નિષ્ઠાવાન વ્યવસ્થાપક ન જ મળતા હોય તો બહેતર છે કે આપણી શિક્ષણસંસ્થા બંધ કરી દેવી જોઈએ. વર્ષોના અનુભવ પછી મને એમ લાગે છે કે મારા જેવો સંસ્થાપક મળવો સહેલ છે પણ એવો વ્યવસ્થાપક મળવો મુશ્કેલ છે, જે જે વ્યવસ્થાપકો અહીં આવ્યા છે એ બધાએ સંસ્થાના હિત કરતાં સ્વ-હિત વધારે જોયું છે, પરિણામે જે ઉમદા ભાવના સાથે વીસ લાખ રૂપિયાનું મેં જે ટ્રસ્ટ બનાવ્યું એ હેતુ બર આવતો નથી એટલે હવે સંસ્થાને સમેટી લેવાના નિર્ણય પર આવવાની મને ફરજ પડી છે.'

વર્તમાનપત્રોમાંની જાહેરાત.

ખૂણેખાંચરે જાહેરાત નહિ...ઊડીને આંખે વળગે એવી રીતે જાહેરાત. વીસ લાખ રૂપિયાનું ટ્રસ્ટ, આજના જમાનાની રકમ નહિ એ જમાનાની રકમ જે આજે કરોડો રૂપિયાની ગણાય. કરોડોના ખર્ચે ઊભી કરાયેલી સંસ્થા...એને સમેટી લેવાની એના સ્થાપકની જાહેરાત...વ્યવસ્થાપક મળતો નથી એવા દુઃખ સાથે.

જાહેરાત થઈ ગઈ. ઘણાને એમ લાગવા માંડ્યું કે કોઈકે પણ બીડું ઝડપી લઈને આવી ઊજમાળી સંસ્થાને જીવતી રાખવાની જવાબદારી ઉપાડી લેવી જોઈએ. માનવીમાં પડેલા ઊજમાળા અંશો ક્યારેક કકળીને બોલી ઊઠતા હોય છે-'અરે, શું આ આપણા માટે કલંક ના કહેવાય ?' અને ચારેતરફ વખણાતી સંસ્થા મોટો ગોકીરો મચાવતી હોય છે અનેક રીતે.

સહુ સરખા હોતા નથી.

કેટલાકના હૈયામાં રામ વસતો હોય છે.

કેટલાક હૈયામાં રહેતો રામ જાગતો હોય છે.

બહુરત્ના વસુંધરા છે.

એક માનવીના હૈયાનો રામ જાગી ઊઠ્યો.

આદર્શ સંસ્થાઓનો વહીવટ ચલાવવાનો એમનો અનુભવ હતો. જે સંસ્થા વિશે જાહેરાત હતી એ સંસ્થા શિક્ષણસંસ્થાઓમાં શિરમહોર છોગાસમાન હતી...એનાથી એ પૂરેપૂરા પરિચિત પણ હતા. એક કરતાં વધારે વાર એમણે એક શિક્ષણશાસ્ત્રી તરીકે એ સંસ્થાની મુલાકાત પણ લીધી હતી. એમના કાળજામાં એક તીણો નહોર વાગ્યો. અંદરવાળો રામ જાગી ઊઠ્યો...અને એ શિક્ષણશાસ્ત્રીએ સંસ્થાના સ્થાપકને કાગળ લખી નાંખ્યો-'વ્યવસ્થાપકના અભાવે આવી સારી સંસ્થા બંધ થાય તો મારે મારી સેવા આપીને એ સંસ્થાને જીવતી રાખવી જોઈએ. મારા એકના શ્રમથી જો સંસ્થા, વિદ્યાર્થીઓ અને ભારતીય પ્રણાલી જો જીવતી રહેતી હોય તો હું મારો બમણો શ્રમ કરવા તૈયાર છું.'

સંચાલકનો પત્ર.

સ્થાપકને ચોખ્ખી વાત. મારી સેવા જો આવશ્યક અને ઉપયોગી હોય તો હું એ સેવા વિના વેતને આપવા તૈયાર છું.

વિના વેતને સેવા. સારી સંસ્થાને જિવાડી લેવી છે.

સંસ્થાને જીવતી રાખવી છે.

સંસ્થાઓ જીવશે તો વ્યક્તિઓ પણ જીવશે.

હું એ ભાર વહન કરવા તૈયાર છું-એ વાતની ઑફર...અને એ ઑફર કરનાર વ્યક્તિ પણ જેવી તેવી ન હતી. આખા મલકમાં એમના સંચાલનની સેવા સુગંધ પ્રસરાયેલી હતી. એ જાણીતા શિક્ષણશાસ્ત્રી હતા. યશસ્વી સંચાલક હતા. એમની સંસ્થા સૌરાષ્ટ્રની સુપ્રસિદ્ધ સંસ્થા હતી. વર્ષોથી સૌરભવંતી એ સૌરાષ્ટ્રની સંસ્થાના સફળ સંચાલક રહ્યા હતા. એમના હૃદયમાં જાહેર સંસ્થાઓ માટે એવી તો ઊંડી સૂઝ અને ધગશ હતી કે જેની કોઈ વાત નહિ...અને જે સંસ્થામાં એ બેઠા હોય એનો પ્રામાણિકતાથી એ વહીવટ ચલાવતા અને એક પણ રૂપિયો પગાર લેતા ન હતા.

શિક્ષણશાસ્ત્રીનો કાગળ.

એ કાગળ શેઠને મળ્યો.

શેઠ એમની કામગીરીથી સુપરિચિત હતા...તરત જ એમણે માનાર્હ સંચાલક તરીકેની નિમણૂક આપતો પત્ર લખી નાખ્યો...પછી તો એ શિક્ષણશાસ્ત્રીએ પોતાની શિક્ષણસંસ્થાની જવાબદારીની સાથે-સાથે બીજી સંસ્થાનો ભાર પણ ઉપાડી લીધો.

મરવા પડેલી સંસ્થા. મરવાનો વાંકે જીવતી સંસ્થા.

એના વહીવટનો હાથબદલો થયો.

નિષ્ઠા...નિઃસ્વાર્થ ભાવના અને અજબ પ્રેમ.

ઊંડાણમાં ગરક થઈ જનારો માનવી.

શ્રમ, શક્તિ અને બુદ્ધિપ્રતિભાનો સંયોગ.

પોતાની આગવી સૂઝ-સમજદારી અને આવડતથી જોતજોતાંમાં એ સંસ્થાના નામનો ડંકો વગાડી દીધો મલક આખામાં. સંસ્થાનું નામ ફરીથી ગાજતું થયું...**અને એમ કરતાં કરતાં પંદર વર્ષ સુધી વ્યવસ્થાપક તરીકે એમણે એ સંસ્થાની જવાબદારી નિભાવી. તબિયતે યારી ન આપી એટલે નવી જવાબદારી કોઈ સુયોગ્ય હાથોમાં સુપરત કરી પોતાની મૂળ સંસ્થામાં પાછા વળવાનું વિચાર્યું.**

શેઠને એ વાતનો પૂરેપૂરો સંતોષ થયો હતો કે સંસ્થાને હવે ઊની આંચ આવે એમ નથી...પરંતુ આ પ્રસંગે શેઠને એવો પ્રશ્ન મૂંઝવતો થયો કે વિના વેતને આવડી મોટી ખાબકી પડેલી ગાડીને પાટે ચડાવનારને વાસ્તે મારે શું કરવું જોઈએ ?

બહુ વિચારને અંતે વાર્ષિક રૂપિયા ત્રણ હજારની ગણતરી પ્રમાણે પંદર વર્ષની સેવા ગણીને રૂપિયા પિસ્તાળીસ હજાર પરાણે વળગાડ્યા. શેઠની મૂંઝવણ ઘટી પણ પેલા શિક્ષણશાસ્ત્રીની મૂંઝવણ વધી ગઈ...'આ તે અણધારી ઉપાધિ મારા ગળે બંધાણી !' આ રકમનું મારે શું કરવું ? હું તો સંસ્થાસમર્પિત માણસ છું. સેવાને નિમિત્તે બજાવેલી

કામગીરીમાંથી નાનકડું પણ વેતન લેવું એ મારા જેવાને પાલવે શી રીતે ? મેં તો માત્ર-એકમાત્ર શુભાશયથી જવાબદારી સ્વીકારેલી કે એક સારી સંસ્થા જીવતી રહે અને ઊભી રહે...મારું એ કામ મેં પાર પાડ્યું છે. આ રકમને હું શું કરું ? મારાથી તો એ રકમને હાથ પણ ન આડકાડાય.

મંથન ચાલ્યું વમળમાં. વિચારોના વમળમાં તેતર-વેતર થયા.

મૂંઝવણમાંથી માર્ગ કાઢવાનો હતો. શેઠની લાગણીને પણ દુભાવવી ન હતી, કારણ કે શેઠ સંસ્થાઓના સ્થાપક હતા અને સ્થાપકની લાગણી જીવતી હશે તો સંસ્થાઓમાં પણ લાગણીઓ જીવતી રહેશે. કશી લાંબી ગડભાંજમાં પડ્યા વગર પિસ્તાળીસ હજાર રૂપિયા સંસ્થામાં પરત ધરી દીધા અને રકમ જમા પણ કરાવી દીધી.

મોટી રકમ મૂળ સંસ્થાને પરત.

એનાથી તો શેઠનો એમને માટેનો આદરભાવ ઑર વધી ગયો...પણ શેઠને મનમાં એક વાત ખટકતી હતી કે કોઈ ને કોઈ રીતે છેવટે બીજી કોઈ પણ રીતે એમનું બહુમાન તો કરવું જ જોઈએ. મારા હાથે યોગ્ય કદર ન થાય તો ગુણવાદી માણસોની પૂજા સમાજમાંથી ખોવાઈ જાય. **ગુણવાનની ગુણપૂજા તો કરવી જ જોઈએ.**

ગુણપૂજાનો ઉત્સવ. એક સમારંભ યોજીને રૂપિયા ૧૧,૦૦૧ની થેલી અંગત ઉપયોગ અર્થે ભાવપૂર્વક ભેટ આપી. પણ શેઠને ક્યાં ખબર હતી કે આ જુદી માટીનો માનવી હતો.

સેવાનું સન્માન ન હોય. સન્માનમાં ભેટ ન હોય.

અગિયાર હજારની રકમમાંથી એક હજાર ત્યાંની વિદ્યાર્થી પરિષદને આપી દીધા અને દસ હજાર રૂપિયા પોતાના કાર્યક્ષેત્રની એક શિક્ષણસંસ્થા દયાનંદ કન્યા વિદ્યાલયને આપી દીધા. અને પોતે સંસ્થાને પ્રણામ કરી ફરી મોકો મળશે અને તબિયત યારી આપશે તો બનતી સેવા કરીશ એમ કહીને સજળનેત્રે સંસ્થામાંથી વિદાય લીધી.

એક અનોખો શિક્ષણશાસ્ત્રી. સંસ્થાઓની સૌરભને જિવાડનારો શિક્ષણશાસ્ત્રી એ હતા સોનગઢ ગુરુકુળના યશસ્વી સંચાલક શ્રી ચતુરભાઈ પટેલ અને જે સંસ્થા બંધ પડતાં અટકી ગઈ એ પોરબંદરની આર્યકન્યા ગુરુકુળ. એના સંસ્થાપક હતા સમાજમોભી અને ઝળહળતા દીવડા સમાજના પથદર્શક શ્રી નાનજી કાળીદાસ મહેતા.

એક નિષ્ઠાવાન વ્યવસ્થાપક. એક ભેખધારી સ્થાપક.

તેજસ્વી સંસ્થાઓનાં તેજ સદાય જીવતાં રાખવાની તમન્નાઓ એ મહામાનવીઓના હૃદયમાં સદાય બિરાજેલી રહેતી હતી.

'સ્પર્શ', પ્ર. આ., પૃ. ૬૩ ❑

**દાન-ભેટ (અનુસંધાન પૃ. ૨૧નું ચાલુ)**

| | | |
|---|---|---|
| ૨૦. નિરંજનભાઈ કડકીયા જન્મદિન નિમિત્તે | અમદાવાદ | ૫૦૧/- |
| ૨૧. વૈકુંઠરાય એસ. સોની | અમદાવાદ | ૫૦૧/- |
| ૨૨. જગજીવનભાઈ મોદી | મંગલેશ્વર | ૫૦૦/- |
| ૨૩. કુ. કરિશ્મા ભરતકુમાર ઠાકોર | નરોડા | ૨૫૧/- |
| ૨૪. જગદીશ અમૃતલાલ શાહ જન્મદિન (૧-૫) નિમિત્તે | અમદાવાદ | ૨૫૧/- |
| ૨૫. મંદાબહેન મનોજકુમાર તમાકુવાળા | સુરત | ૧૫૦/- |
| ૨૬. એક સ્વજન | અમદાવાદ | ૧૫૦/- |

**આ સર્વેના અમો ખૂબ ખૂબ આભારી છીએ.**

## (૧૩) વિચારોનાં આંદોલનોનું સામર્થ્ય

**શ્રીમાન વિશ્વવંદ્ય**

જેમ દીપકમાંથી પ્રકાશનાં કિરણો નીકળ્યાં કરે છે, તેમ મનમાંથી અમુક પ્રકારનાં સામર્થ્યોવાળાં વીજળી જેવાં કિરણો નીકળ્યાં કરે છે, એ વાતનો હવે સર્વ વિદ્વાનો સ્વીકાર કરવા લાગ્યા છે. પરંતુ પ્રશ્ન એ છે કે મનમાંથી વહેતા આ વિદ્યુતમય સામર્થ્યનો આપણા સુખમાં ઉપયોગ કરી શકાય એમ છે કે કેમ ?

વર્તમાન સમયમાં મનુષ્યોનું વલણ મોટે ભાગે જે વસ્તુઓ પોતાના સુખમાં વૃદ્ધિ કરનારી હોય છે તેમના પ્રતિ જ ખાસ કરીને અત્યંત વળેલું રહે છે. આમ છતાં ઉપયોગમાં ન આવી શકે એવી વસ્તુઓ પ્રતિ જો આપણે વધારે ધ્યાન આપીએ તો આપણને પરિણામે જણાશે કે તેઓ આપણને ઘણી રીતે લાભ કરનાર હોય છે.

સામાન્ય મનુષ્યોને રેતી કશા જ ઉપયોગની જણાતી નથી. પરંતુ બુદ્ધિમાનોએ તેને કાચ બનાવવામાં તથા એવા જ બીજા વિવિધ ઉપયોગમાં લીધી છે. હાડકાં ઘણાંને નકામાં જણાય છે. પરંતુ તે વડે જમીનને ફળદ્રુપ કરી શકાય છે. સર્વ વસ્તુઓનું અધિષ્ઠાન અનંત ઐશ્વર્યસંપન્ન પરમાત્મા છે. એક તુચ્છ અણુમાં કેટલું સામર્થ્ય રહેલું છે ?

જગતમાં જે કંઈ જોવામાં આવે છે તે સર્વ ઉપયોગી હોય છે. કોઈ કલ્યાણકારક ઉદ્દેશને માટે જ તે સર્જાયેલું હોય છે. તેના ઉપયોગનું જ્ઞાન ન હોવાથી જ આપણે તેને નકામું ગણીએ છીએ. જળ, વરાળ, વાયુ, વીજળી વગેરેનાં સામર્થ્યો જેમ આપણા ઉપયોગમાં આપણે લઈ શકીએ છીએ, તેમ અણુઅણુમાં વ્યાપી રહેલા સામર્થ્યને આપણા ઉપયોગમાં લઈ શકવા આપણે સમર્થ છીએ.

જ્યારે કોઈ નવીન સામર્થ્યનું મનુષ્યને જ્ઞાન થાય છે ત્યારે તે જ્ઞાન એ જ દર્શાવી આપે છે કે તે જ્ઞાનનો પોતાના સુખમાં ઉપયોગ કરવાને માટે તે મનુષ્ય લાયક થયો છે. હવામાં ઊડવાનું જ્ઞાન આજે આપણને નથી, કારણ કે હજુ આપણે તે જ્ઞાનનો ઉપયોગ કરવાને લાયક થયા નથી. ચાલતા સૈકામાં તે જ્ઞાન આપણને થવાનો સંભવ સમીપ જણાય છે, કારણ કે તેનો ઉપયોગ કરવાને આપણે હવે લાયક થતા જઈએ છીએ. જ્યાં સુધી વધારે ઉચ્ચ સામર્થ્યને પોતાને વશ વર્તવવાને અને તેનો ઉપયોગ કરવાને આપણે લાયક થતા નથી, ત્યાં સુધી તેવા ઊંચા સામર્થ્યનું આપણને જ્ઞાન થતું નથી, એ એક સિદ્ધ નિયમ છે. **અન્ય શબ્દોમાં કહીએ તો જેને જે કંઈ મળે છે, તેનો તે અધિકારી થયો હોય છે, તેથી જ તેને તે મળે છે.**

એક અનાદિ અને અનંત સામર્થ્ય સર્વત્ર વિસ્તરી રહ્યું છે. સૃષ્ટિમાં બીજાં અગણિત પ્રકારનાં જે જે સામર્થ્ય અનુભવમાં આવે છે, તે આ એક મૂળ સામર્થ્યના જ ભેદો છે. **આંદોલનોના ભેદથી જ સામર્થ્યના ભેદો પડે છે.** જળ, વરાળ, અગ્નિ, વાયુ, વીજળી વગેરેમાં જે ભેદ છે, તે તેમનાં આંદોલનોને લીધે જ છે. જળમાં આંદોલનોનું જેટલું પ્રમાણ હોય છે તેના કરતાં વરાળમાં ઘણું જ વધારે હોય છે, અને વીજળીમાં તેથી પણ ઘણું વધારે હોય છે, અને આંદોલનોના પ્રમાણનો અવધિ ન હોવાથી સામર્થ્યના ભેદનો અવધિ નથી. જેમ જેમ આપણું જ્ઞાન વિશાળતાને ધારણ કરતું જાય છે, તેમ તેમ વધારે ઊંચાં ને ઊંચાં સામર્થ્યોનું આપણને જ્ઞાન થતું જાય છે અને વરાળ, તથા વીજળીના

કરતાં પણ વધારે સૂક્ષ્મ ઉચ્ચ સામર્થ્યોનું આપણને થતું જ્ઞાન દર્શાવી આપે છે કે તે સામર્થ્યનો આપણા કલ્યાણમાં ઉપયોગ કરવાના આપણે અધિકારી થયા છીએ.

મનમાંથી નીકળતા અત્યંત સૂક્ષ્મ સામર્થ્યના જ્ઞાનવાળા મહાપુરુષો પ્રત્યેક કાળમાં થઈ ગયા છે. વર્તમાન કાળમાં તેવા પુરુષો કોઈ કોઈ સ્થળે જડી આવે છે, એમ છતાં મનુષ્યોનો મોટો ભાગ હજી મનમાંથી વહેતા આ સામર્થ્યના સ્વરૂપથી અજાણ્યો છે. પાશ્ચાત્ય પ્રજાઓમાં આ સંબંધમાં કેટલાંક વર્ષથી સારાં સંશોધનો થવાં લાગ્યાં છે અને ઘણા વિદ્વાનોને મનના સામર્થ્યનાં અનુભવસિદ્ધ પ્રમાણો મળ્યાં છે, તથા મળતાં જાય છે. આ સર્વ એ જ દર્શાવે છે કે વર્તમાન સમયની પ્રજાનો બુદ્ધિમાન વર્ગ હવે મનના સામર્થ્યના જ્ઞાનનો અને તેનો પોતાના કલ્યાણમાં ઉપયોગ કરવાનો અધિકારી થયો છે.

મનના સામર્થ્યનો સર્વ મનુષ્યો ઉપયોગ કરે છે, પરંતુ તે ઉપયોગ તે સામર્થ્યના યથાર્થ જ્ઞાન વિના અજાણપણે તેઓ કરે જાય છે. પરંતુ અજાણપણે થયેલો ઉપયોગ જોઈએ તેવા લાભને ક્વચિત્ જ પ્રકટાવે છે.

જડવાદના અંધકારવાળા ઊંડા ખાડામાંથી પ્રજાનો બુદ્ધિમાન વર્ગ હવે નીકળવા માંડ્યો છે. મનનાં અને આત્માનાં અધિક સૂક્ષ્મ સામર્થ્યોનું અસ્તિત્વ હવે સ્વીકારાવા લાગ્યું છે અને તેમનો અભ્યાસ કરવાનો ઘણાની વૃત્તિમાં હવે વેગ પ્રકટ્યો છે. વર્તમાન સૈકામાં માનસિક અને આધ્યાત્મિક પ્રદેશોમાં મનુષ્યો હાલના કરતાં ઘણા આગળ વધશે, એવા સંભવો દિવસે દિવસે અધિક સ્પષ્ટ થતા જાય છે.

પાશ્ચાત્ય વિદ્વાનો માનસિક પ્રદેશના એક અધિક સૂક્ષ્મ સામર્થ્યને શોધી કાઢવામાં વિજયી થયા છે. આ સામર્થ્યને તેઓએ 'એન રે' એવી સંજ્ઞા આપી છે. આ સામર્થ્ય બીજું કશું જ નથી, પરંતુ મનુષ્યમાંથી નીકળતાં વિદ્યુન્મય કિરણો છે. **મન મનુષ્યના આખા શરીરમાં વ્યાપી રહ્યું છે,** અને તેથી કરીને આખા શરીરમાંથી તેના સામર્થ્યનાં કિરણો ન્યૂનાધિક પ્રમાણમાં નીકળ્યાં કરે છે, તોપણ મનના વ્યાપારોનું મધ્યબિંદુ અથવા મથક મગજ હોવાથી મગજમાંથી મનનાં સૌથી બળવાન સામર્થ્યો નીકળતાં આપણા અનુભવમાં આવે છે.

વીજળીનો અભ્યાસ કરનારા સારી રીતે જાણે છે કે જે યંત્રમાં વીજળી ઉત્પન્ન કરવામાં આવે છે, તેમાંથી પુષ્કળ વીજળી વહી જાય છે, એટલું જ નહિ પરંતુ એક સ્થળેથી બીજે સ્થળે તેને મોકલવામાં પણ તેનો ઘણો ભાગ નકામો ઊડી જાય છે. અમુક યંત્રમાં ઉત્પન્ન કરવામાં આવતી સઘળી વીજળીને દૂરના સ્થળમાં મોકલતાં માર્ગમાં તેમાંથી કેટલોક ભાગ ન ઊડી જવા માટે શું કરવું, તેનો કશો ઉપાય હજી સુધી વિદ્વાનોને જડ્યો નથી. પરંતુ આવો ઉપાય શોધાય છે, અને થોડા સમય પછી જ્યારે તે જડશે ત્યારે ગમે તે સ્થળેથી ગમે તે સ્થળે વીજળીનો પ્રવાહ, માર્ગમાં જરા પણ વહી ગયા વિના પ્રેરી શકાશે. પરંતુ જેમ આ જડ જગતની વીજળીસંબંધમાં બને છે, તે જ પ્રમાણે આંતરજગતની અર્થાત્ મનની વીજળીના સંબંધમાં પણ બને છે. મનુષ્યના મગજમાં ઉત્પન્ન થતી આ માનસિક વીજળીનો મોટો ભાગ પણ નકામો વહી જાય છે.

'વિશ્વવંદ્ય કિરણાવલી' ભાગ-૪, પ્ર. આ., પૃ. ૧૬૫ ❑



બન જા અવધૂતા અવધૂતા, શોક મોહ અતીતા. - ટેક

કર્તા ભર્તા હર્તા સાહેબ, ક્યોં મૂરખ મન રોતા ?
દેહભરોંસા મત રખ પ્યારે, ક્યોં આલસમેં સોતા ?- બન જા. (૧)

પાંચ તત્ત્વકા બના પિંજરા, ભીતર ચેતન તોતા,
આપ કરમસે આપ બંધાયા, પલ રોતા પલ હંસતા.- બન જા. (૨)

દૂર દેશ હૈ તેરા પ્યારે, ક્યોં ગાફિલ જગ ફિરતા ?
ઔર ફેંસલા છોડ નિકમ્મા, સાંસ સાંસ હર સ્મરતા.- બન જા. (૩)

ભૂત ભૂતકો દે દે પ્યારે, કલકી મત કર ચિંતા,
રામભરોંસે કાજ છોડ કર, નિજાનંદ રસ પીતા.- બન જા. (૪)

કામક્રોધ સંગત દુર્જનકી, માનામાન અતીતા,
ચોરી ચાડી નિંદા જારી, છોડ મુડ ભગવંતા.- બન જા. (૫)

આપ મારકે આતમ પા લે, બન જા હક ઘરકા બંદા,
ફંદ છોડ દે અન્ય ફકીરા, રંગ ધૂલકા ધંધા- બન જા. (૬)

- શ્રીરંગ અવધૂત

'અવધૂતી મસ્તી - ભાગ - ૩', બીજી આ., પૃ. ૩૦

**HARIBHAV JUNE - 2014**

Regd. under RNI No. 65683/96 & Permitted to Post at AHD PSO
on 10th of every month under Postal Reg. No. GAMC/1208 / 2012-2014
issued by SSP AHD valid upto 31-12-2014
Licence to Post without Perpayment of postage No. CPMG/GJ/91/2012-2014
valid upto 30-6-2014





**મનને સ્થિર કરવાનો માર્ગ...**

**શરીરને વધુ સમય સ્થિર રાખવાનો પ્રયત્ન કરો. જેટલો વધારે સમય એકલક્ષ્યથી સ્થિરભાવે બેસી શકશો તેટલું જ મન પણ સ્થિર થઈ શકશે.**

**મનનો સ્વભાવ જેવો ચંચળ છે, તેવો જ તેનો સ્વભાવ શાંત-સ્થિર થવાનો પણ છે.**

**વધારે સમય બેસી તેનું નામ લેવાનો પ્રયાસ કરવો જોઈએ.**

**શ્રી શ્રીમાઆનંદમયી**

*'શ્રી શ્રીમા આનંદમયી ભાગ-૧', પ્ર. આ., પૃ. ૩૫૮*

Printed and Published by **Prabhudas Jani**, on behalf of ' **HARIWANI TRUST**'
11, Dada Rokadnath Society, Ahmedabad - 380 007,
Printed at **Sahitya Mudranalaya Pvt. Ltd.** Ahmedabad - 380 022.
Phone : 079- 25469101/2
Published at Ahmedabad. Editor : **Prabhudas Jani.**
**E-mail : harivanitrust@yahoo.com**
Designer : Mayur Jani / Mobile : 9428404443 / E-mail : janimj@yahoo.com